RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 18-09-2026 I VOL : 12 I Issue : 183 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જીવનમાં સફળ થવું હોય તો પહેલા પોતાનામાં વિશ્વાસ રાખો.

3  ગુજરાત વિધાનસભા 90 દિવસની ભલામણ સામે વર્ષે સરેરાશ માત્ર...

4  પ્રેમ... જે શબ્દોમાં નહીં, અનુભૂતિમાં જીવાય છે

6  નયનતારાનો દેવી અવતાર! 'મહાશક્તિ'નું ટિઝર રિલીઝ

7  ભારત-વેસ્ટ ઇન્ડિઝ જંગ: 5 સ્ટાર ખેલાડીઓની વાપસી

### મણિપુર મામલે કેન્દ્ર સરકારે શું પગલાં લીધા તે જણાવો

# મણિપુર મામલે સરકારને સુપ્રીમની ફટકાર

## સુપ્રીમ કોર્ટે કહ્યું- આદેશ આપવા માટે મજબૂર ન કરો; 25 શંકાસ્પદ મૃત્યુનો રિપોર્ટ માંગ્યો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે મણિપુરના રાહત શિબિરોમાં થયેલા શંકાસ્પદ મૃત્યુ અને યૌનશોષણના કેસો પર ચિંતા વ્યક્ત કરી. કોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવતાં મણિપુરના મુખ્ય સચિવને રાહત શિબિરોમાં થયેલા તમામ 25 શંકાસ્પદ મૃત્યુ અંગે રિપોર્ટ રજુ કરવાનો આદેશ આપ્યો. રિપોર્ટમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને મૃત્યુનાં કારણો સાથે જોડાયેલા દસ્તાવેજો પણ સામેલ કરવા કહેવામાં આવ્યું છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, તમારા મુખ્ય સચિવને કહો કે કોર્ટને આદેશ આપવા માટે મજબૂર ન કરે. અમને જણાવો કે તમે શું પગલાં લીધાં છે. કોર્ટે પૂછ્યું- મૃત્યુ અંગે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી. સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય જસ્ટિસ ગીતા મિત્તલની અધ્યક્ષતાવાળી સમિતિના રિપોર્ટનો ઉલ્લેખ કર્યો. કોર્ટે રાહત શિબિરોમાં રહેતા વિસ્થાપિત લોકોની સુરક્ષા અને સન્માનને લઈને સવાલો ઉઠાવ્યા.

કોર્ટે મણિપુરના એડવોકેટ જનરલને પણ પૂછ્યું કે 4 જુલાઈએ સમિતિએ રાહત શિબિરોમાં રહેતા વિસ્થાપિત લોકોના 25 મૃત્યુ અંગે જે માહિતી માંગી હતી, તેના પર અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે. કોર્ટના આદેશમાં નોંધાયેલા અહેવાલ મુજબ, 8 જિલ્લાઓના રાહત શિબિરોમાં 640 મૃત્યુ નોંધાયા છે. તેમાંથી માત્ર 20 કેસોમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું, જ્યારે આ કેસોમાં ફોજદારી કેસ પણ નોંધવામાં આવ્યા હતા. કોર્ટે સવાલ કર્યો કે જ્યારે આ મૃત્યુના કેસોમાં ફોજદારી કેસ નોંધાયેલા હતા, તો માત્ર 20 લોકોનું જ પોસ્ટમોર્ટમ શા માટે કરવામાં આવ્યું.




## જન્મદિવસે સેમીકોન ઇન્ડિયામાં પીએમ નરેન્દ્ર મોદીનો કૂલ અંદાજ

નવી દિલ્હી

આજે 17મી સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી પોતાનો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહ્યા છે. પોતાના બર્થડે નિમિત્તે નવી દિલ્હીના દ્વારકા સ્થિત યશોભૂમિ ખાતે આયોજિત ત્રણ દિવસીય મેગા સમિટ 'સેમીકોન ઈન્ડિયા 2026' (SEMICON India 2026)નું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું. દેશને સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવવાના સંકલ્પ વચ્ચે કાર્યક્રમ દરમિયાન એક અત્યંત રસપ્રદ અને હળવી ક્ષણ જોવા મળી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત યુવા ઈનોવેટર્સ અને ડેલિગેટ્સે જ્યારે વડા પ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી, ત્યારે પીએમ મોદીએ પણ પોતાના આગવા રમૂજી અંદાજમાં વળતો જવાબ આપ્યો હતો. વડાપ્રધાને આ હળવી પળોની એક ખાસ રીલ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. પીએમ મોદીએ સેમીકોન ઈન્ડિયા 2026 સમિટ દરમિયાનનો વીડિયો શેર કરતાં કેપ્શન આપ્યું હતું: 'Of birthdays and same-to-yous…'.

## તમિલનાડુમાં હિન્દી ભણાવવાથી રોકી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે તમિલનાડુ સરકારને કહ્યું કે હિન્દી અંગે તમારે તમારી વિચારસરણી બદલવાની જરૂર છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું કે એવું ન થઈ શકે કે તમિલનાડુની ધરતી પર હિન્દી ભણાવવામાં નહીં આવે. કોર્ટે ચેન્નઈ અને દિલ્હીને એકબીજાથી અલગ રાખવાની વિચારસરણી પર પણ સવાલ ઉઠાવ્યો. કોર્ટે કહ્યું કે ચેન્નઈમાં બેઠેલા લોકો દિલ્હીમાં બેઠેલા લોકોથી અલગ ન હોવા જોઈએ અને ન તો દિલ્હી ચેન્નઈથી અલગ હોવું જોઈએ. કોર્ટની આ ટિપ્પણી તમિલનાડુ સરકારની એક અરજી પર સુનાવણી દરમિયાન આવી.

## 40 પૈસામાં કોઇ મરી નથી જવાનું, સરકાર બધુ મફતમાં ના આપી શકે: UPI ચાર્જ મુદ્દે નીતિ આયોગનું દોઢડહાપણ

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા UPIના મોટા વ્યવહારો પર ચાર્જ લગાવવાના નિર્ણયને લઈને દેશભરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યાં કેટલાક વિશેષજ્ઞો તેને સરાહનીય પગલું માની રહ્યા છે, ત્યાં કેટલાક લોકો સામાન્ય જનતા પર નાણાકીય બોજ વધવાને કારણે તેની ટીકા કરી રહ્યા છે. આ બધાની વચ્ચે નીતિ આયોગના વાઈસ ચેરમેન અશોક કુમાર લાહિરીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે આ નિર્ણયનું સમર્થન કરતાં કહ્યું છે કે સરકાર ટેક્સ વસૂલ્યા વિના ચલાવી શકાતી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર માત્ર સામાન્ય ચાર્જ વસૂલી રહી છે અને તેને ચૂકવવામાં લોકોને કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. અશોક લાહિરીએ સ્પષ્ટ કર્યું છે કે આ તેમનું વ્યક્તિગત મંતવ્ય છે અને તે નીતિ આયોગનું અધિકારીક વલણ નથી. તેમણે કહ્યું કે, 'સરકાર દરેક લેણ-દેણ પર અનિશ્ચિત સમય માટે સબસીડી આપી શકે નહીં.' પોતાની વાત સમજાવવા માટે તેમણે ચાણક્ય નીતિનું ઉદાહરણ આપતા કહ્યું કે, 'એક રાજાએ પોતાની પ્રજા પાસેથી ટેક્સ એ જ રીતે વસૂલવો જોઈએ જે રીતે ભમરો ફૂલને કોઈ નુકસાન પહોંચાડ્યા વગર ધીમે-ધીમે મધ એકઠું કરે છે.'

# સ્વચ્છતાના નામે આણંદ મનપામાં કરોડોની લૂંટ: માત્ર 295 ડસ્ટબિન રૂ. 1 કરોડમાં ખરીદીને આચરાયું મસમોટું કૌભાંડ!

## RTIમાં ભ્રષ્ટાચારનો સણસણતો પર્દાફાશ: સરકારી GeM પોર્ટલના મૂળ ભાવ કરતાં 4 થી 6 ગણા વધુ દામ ચૂકવાયા, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી અંદાજે રૂ. 75 લાખની ખાયકીનો ગંભીર આક્ષેપ!

આણંદ

ચરોતરના મુખ્ય મથક અને નવરચિત આણંદ મહાનગરપાલિકામાં 'સ્વચ્છતા અભિયાન' અને 'ક્લીન સિટી'ના નામે પ્રજાના ટેક્સના પૈસાની ખુલ્લેઆમ લૂંટ ચલાવાઈ રહી હોવાનો ચોંકાવનારો વિસ્ફોટ થયો છે. મનપાના અધિકારીઓએ કોન્ટ્રાક્ટરો સાથે મળીને કચરાપેટી (ડસ્ટબિન) ખરીદીમાં કરોડોનું ફ્રોડ આચર્યું હોવાનો પર્દાફાશ માહિતી અધિકાર કાયદા (RTI) હેઠળ મળેલા સત્તાવાર દસ્તાવેજો પરથી થયો છે. માત્ર ૨૯૫ કચરાપેટી ખરીદવા માટે મનપા તંત્રે રૂ. ૧ કરોડ જેટલી મસમોટી રકમ પાણીની જેમ વહાવી દીધી છે.

### RTIના ચોંકાવનારા આંકડા: GeM પોર્ટલના ભાવ કરતા 4 થી 6 ગણી કિંમત ચૂકવાઈ!

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સરકારી ખરીદીમાં પારદર્શિતા જાળવવા માટે 'GeM' (Government e-Marketplace) પોર્ટલ પરથી ખરીદી કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. પરંતુ આણંદ મનપાના બાબુઓએ પોતાના ખિસ્સા ગરમ કરવા કાયદા અને નિયમોના ધજાગરા ઉડાવી દીધા:

મસમોટો ભાવ તફાવત: RTI હેઠળ મળેલી વિગતો મુજબ, જે ગુણવત્તા અને ક્ષમતા ધરાવતા ડસ્ટબિન GeM પોર્ટલ પર વ્યાજબી અને નિયત ભાવે ઉપલબ્ધ હતા, તેના કરતાં ૪ થી ૬ ગણા વધુ ભાવ ચૂકવીને આ ખરીદી મંજૂર કરવામાં આવી હતી!

રૂ. ૭૫ લાખની ખુલ્લી ખાયકી: બજાર ભાવ અને સરકારી પોર્ટલના દર સરખાવતા સ્પષ્ટ થાય છે કે ૨૯૫ ડસ્ટબિનની વાસ્તવિક કિંમત ખૂબ ઓછી થાય છે. તેમ છતાં રૂ. ૧ કરોડનું બિલ બનાવીને બારોબાર અંદાજે રૂ. ૭૫ લાખ રૂપિયાની સીધી ખાયકી અને કમિશનખોરી આચરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે.

### ટેક્સપેયર્સના નાણાં પર ત્રાપ: જનતામાં અને વિપક્ષમાં ભારે આક્રોશ

આણંદના પ્રબુદ્ધ નાગરિકો અને સજાગ આગેવાનો આંકડાઓ જોઈને દંગ રહી ગયા છે. આણંદ મનપાના અધિકારીઓ અને સત્તાધીશો દ્વારા પ્રજાના લોહી-પરસેવાની કમાણીના ટેક્સના નાણાંમાંથી સરકારી ગ્રાન્ટની હોળી કરવામાં આવી રહી છે.

1. ગુણવત્તા સામે સવાલો: અતિશય મોંઘા ભાવે ખરીદાયેલા આ ડસ્ટબિનની ગુણવત્તા પણ હલકી કક્ષાની હોવાની અને ટૂંક સમયમાં તૂટી જાય તેવી હોવાની શક્યતા સેવાઈ રહી છે.

2. મિક્સિંગ અને માનીતા કોન્ટ્રાક્ટરો: ખરીદી પ્રક્રિયા દરમિયાન ટેન્ડરમાં ચોક્કસ માનીતી એજન્સીઓને જ લાભ મળે તે પ્રકારની શરતો ગોઠવીને આ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આરોપ છે.

### ઉચ્ચ સ્તરીય તપાસ અને વિજિલન્સ દરોડાની માંગ

મનપાના વહીવટી તંત્રમાં મચેલા આ 'ડસ્ટબિન કૌભાંડ'ના વિસ્ફોટ બાદ સમગ્ર જિલ્લા અને ગાંધીનગર વહીવટી વર્તુળોમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે.




જાગૃત નાગરિકો અને વિપક્ષ દ્વારા માંગ કરવામાં આવી છે કે આ સમગ્ર ખરીદી પ્રક્રિયાની રાજ્યના વિજિલન્સ વિભાગ અથવા એન્ટી કરપ્શન બ્યુરો (ACB) મારફતે તટસ્થ અને ઊંડી તપાસ કરવામાં આવે, અને ભ્રષ્ટાચાર આચરનારા અધિકારીઓ તેમજ એજન્સીઓ સામે ફોજદારી ગુનો નોંધીને જેલભેગા કરવામાં આવે.

### એક નજર...

**ક્રિતિ સેનનનો ફેશનેબલ ફોટોશૂટ વાયરલ**



ક્રિતિ સેનન અવારનવાર પોતાના ફેશનેબલ અને ટ્રેડિશનલ લુકથી ચાહકોનું દિલ જીતવામાં હંમેશા સફળ રહે છે. હવે ફરી એકવાર અભિનેત્રીનું ફોટોશૂટ વાયરલ થઈ રહ્યું છે. લુકને પરફેક્ટ બનાવવા માટે તેણે ક્લાસી ગોલ્ડન ઈયરરિંગ્સ અને નેકલેસ પણ કૅરી કર્યા છે. સોશિયલ મીડિયા પર ક્રિતિના આ ટ્રેડિશનલ અને એથનિક અવતારને ચાહકો તરફથી પ્રેમ મળી રહ્યો છે.

### NEWS TRACK

#### ભારતીય મૂળના મહાઠગે ટેલર સ્વિફ્ટના પતિ સહિત 64 અમીરોને અબજોનો ચૂનો લગાડ્યો

અમેરિકામાં ભારતીય મૂળના સિદ્ધાર્થ જવાહરને પોન્ઝી સ્કીમ કૌભાંડ બદલ 11 વર્ષની જેલ થઈ છે. 38 વર્ષીય જવાહરે 64 લોકોને 35 મિલિયન ડોલર (આશરે 336 કરોડ રૂપિયા) નો ચૂનો લગાવ્યો હતો, જેમાં પોપ સ્ટાર ટેલર સ્વિફ્ટના પતિ ટ્રેવિસ કેલ્સ પણ ભોગ બન્યા હતા. તેણે રોકાણના નામે કરોડો રૂપિયા પોતાની લક્ઝરી લાઈફસ્ટાઈલ પાછળ ઉડાવ્યા હતા. કોર્ટે 3.13 કરોડ ડોલર પરત કરવાનો આદેશ આપ્યો છે. અમેરિકામાં ભારતીય મૂળના એક ફાઈનાન્શિયલ એડવાઈઝરેપોન્ઝી સ્કીમ ચલાવીને મોટું કૌભાંડ આચર્યું છે. કોર્ટે આ મામલે સિદ્ધાર્થ જવાહર નામના 38 વર્ષીય બિઝનેસમેનને 11 વર્ષની જેલની સજા ફટકારી છે. તેણે લગભગ 35 મિલિયન અમેરિકી ડૉલર એટલે કે આશરે 336 કરોડ રૂપિયાની ઠગાઈ કરી હતી. આ કૌભાંડમાં કુલ 64 લોકોને શિકાર બનાવાયા છે. જેમાં પ્રખ્યાત અમેરિકી પૉપ સ્ટાર ટેલર સ્વિફ્ટના પતિ ટ્રેવિસ કેલ્સ પણ સામેલ છે. મિસૌરી ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ અટૉર્ની ઓફિસના જણાવ્યા અનુસાર, તેને કેલ્સે સહિત અન્ય રોકાણકારોને કુલ 3.13 કરોડ ડૉલર પરત કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

#### પૃથ્વી પર મહાસંકટ: ગ્રીનલેન્ડ-એન્ટાર્કટિકામાંથી 12 લાખ કરોડ ટન બરફ ગાયબ

વિજ્ઞાનીઓ દ્વારા કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. વર્ષ 1979 થી 2023 દરમિયાન ગ્રીનલેન્ડ અને અન્ટાર્કટિકાની બરફની ચાદરોએ મળીને આશરે 12.5 ટ્રિલિયન ટન એટલે કે 12 લાખ કરોડ ટનથી વધુ બરફ ગુમાવ્યો છે. 'સાઈન્ટિફિક ડેટા જર્નલ'માં પ્રકાશિત આ સ્ટડી મુજબ, આટલી મોટી માત્રામાં બરફ પીગળવાથી વૈશ્વિક સમુદ્ર સપાટીમાં 3.1 સેન્ટિમીટરની વૃદ્ધિ થઈ છે. આ ડેટા 27 સેટેલાઈટ મિશનના આધારે તૈયાર કરવામાં આવ્યો છે, જે અગાઉના સમય કરતાં વધુ સચોટ માહિતી પૂરી પાડે છે. આ સંશોધનમાં સૌથી મોટી અને ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે 84 ટકા બરફનું નુકસાન સપાટી પરની ગરમ હવાના કારણે નહીં, પરંતુ નીચે અને કિનારાના ભાગોમાં ગરમ દરિયાઈ પાણીના કપાવાને કારણે થયું છે. ગ્લેશિયર અત્યંત ઝડપથી વહીને સમુદ્રમાં મળી રહ્યા છે, જેને ડાયનેમિક ઇમ્બેલેન્સ કહેવામાં આવે છે. માત્ર 16 ટકા નુકસાન જ સપાટીના પીગળવાથી થયું છે.

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# છોટાઉદેપુરમાં UGC ગ્રાન્ટના કરોડોના ભ્રષ્ટાચાર સામે વિસ્ફોટ: વિદ્યાર્થિનીઓની હોસ્ટેલ મુદ્દે અર્જૂન રાઠવા રણમેદાને!

## આદિવાસી દીકરીઓના ભવિષ્ય સાથે ચેડાં સામે ભારે વિરોધ: ગ્રાન્ટ વપરાઇ ગઇ પણ હોસ્ટેલ કેમ ધૂળ ખાતી પડી છે? વહીવટી તંત્રમાં ભારે ફફડાટ!

છોટાઉદેપુર

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારની દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને આગળ વધે તે માટે કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવે છે. પરંતુ છોટાઉદેપુરમાં આ ગ્રાન્ટનો ઉપયોગ માત્ર કાગળ પર અને ભ્રષ્ટાચારના ખિસ્સા ભરવા પૂરતો જ થયો હોવાનો ચોંકાવનારો ખુલાસો થતાં રાજકારણ ગરમાયું છે! UGC ની ગ્રાન્ટમાંથી ખાસ વિદ્યાર્થિનીઓ માટે નિર્માણ પામેલી હોસ્ટેલની ધાંધિયાભરી સ્થિતિ અને ગેરરીતિઓ સામે હવે સ્થાનિક નેતા અને આદિવાસી અવાજ અર્જૂન રાઠવા સીધા રણમેદાને આવ્યા છે.

સરકારી ચોપડે લાખો રૂપિયાની UGC ગ્રાન્ટ વપરાઈ ગયાના હિસાબો બોલે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર બતાવે છે.




બિલ્ડિંગ ધૂળ ખાતી પડી: દીકરીઓને રહેવા અને ભણવા માટે બનાવેલી હોસ્ટેલનું લોકાર્પણ અને સંચાલન વિલંબમાં મુકાતાં કે તાળાઓ વાગતાં વિદ્યાર્થિનીઓ ભારે હાલાકી ભોગવી રહી છે. મૂળભૂત સગવડોનો અભાવ: હોસ્ટેલમાં પીવાના શુદ્ધ પાણી, સુરક્ષા અને લાઈટ-પંખા જેવી પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ઉચ્ચ શિક્ષણ મેળવવા દૂર-દૂરના ગામડાઓથી આવતી આદિવાસી દીકરીઓને ખાનગી જગ્યાઓમાં મોંઘા ભાડાં ભરીને રહેવું પડે છે, જ્યારે સરકારી પૈસે બનેલી હોસ્ટેલ શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગઈ છે.

આ મુદ્દાને લઈને અર્જૂન રાઠવાએ સ્થળ તપાસ કરીને વહીવટી તંત્ર અને સંબંધિત સત્તાધીશો સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે:

'આદિવાસી ક્ષેત્રની દીકરીઓના શિક્ષણ અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની રમત ચલાવી લેવાશે નહીં. UGC ગ્રાન્ટમાં થયેલી ગેરરીતિઓ અને હોસ્ટેલના નિર્માણમાં થયેલા ભ્રષ્ટાચારની ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ. જો ટૂંક સમયમાં હોસ્ટેલ વિદ્યાર્થિનીઓ માટે પૂર્ણ સુવિધાઓ સાથે શરૂ કરવામાં નહીં આવે, તો સમગ્ર જિલ્લામાં મોટું આંદોલન છેડવામાં આવશે.' અર્જૂન રાઠવાના આક્રમક વલણ અને મેદાને આવવાથી શિક્ષણ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. લાખો રૂપિયાની ગ્રાન્ટ ક્યાં વપરાઈ અને હોસ્ટેલ કેમ શરૂ ન થઈ તે અંગે હવે જવાબ આપવો મુશ્કેલ બની રહ્યો છે.

આ મુદ્દો હવે માત્ર એક હોસ્ટેલ પૂરતો સીમિત નથી રહ્યો પણ શિક્ષણ ક્ષેત્રે થતાં ભ્રષ્ટાચાર સામે એક મોટો સંગ્રામ બની ગયો છે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ સમગ્ર કૌભાંડ પર પોતાની કડક નજર રાખશે!

# નવરાત્રિની પવિત્રતા પર 'પેકેજ કલ્ચર'નો પ્રહાર: સંસ્કૃતિ જળવાશે કે સોશિયલ મીડિયાનો ભોગ બનશે?

અમદાવાદ

મા શક્તિની આરાધના, અંબાના ગરબા અને સંસ્કૃતિના સૌથી પવિત્ર તહેવાર નવરાત્રિને હવે કેટલાક વિકૃત તત્વોએ વેપારનું સાધન બનાવી દીધું હોય તેવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે! સોશિયલ મીડિયાના યુગમાં લાઈક્સ અને વ્યુઝની ઘેલછામાં નવરાત્રિ જેવા પવિત્ર પર્વ પર 'ગરબા પાર્ટનર પેકેજ' નું નવું અને અત્યંત ચિંતાજનક કલ્ચર વાયરલ થઈ રહ્યું છે. સંસ્કૃતિના જતનની જગ્યાએ હવે ગરબા રમવા માટે ભાડેથી પાર્ટનર રાખવાની સ્કીમો જાહેર થતાં સમગ્ર રાજ્યમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેટલાક લોકો દ્વારા જાહેર કરવામાં આવેલા પેકેજોની વિગતો સાંભળીને કોઈ પણ સમજુ નાગરિકની આંખો પહોળી થઈ જાય. જેમાં ચાર કલાક સુધી સાથે ગરબા રમવાનો સાથ આપવાનો દાવો કરવામાં આવે છે. જેમાં ગરબા રમવાની સાથે સેલ્ફી લેવી, ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ટેગ કરવું અને સોશિયલ મીડિયા શો-ઓફનો સમાવેશ કરવામાં આવ્યો છે! આવા લલચામણા અને વિકૃત પેકેજો જાહેર કરીને મા આરાધનાના ઉત્સવને માર્કેટિંગ અને વેપારનું સાધન બનાવી દેવામાં આવ્યું છે.

# પાટીદાર અનામત આંદોલનથી સત્તાના રાજકારણ સુધી: સમાજના નામે ઉભરેલા નેતાઓ અને વર્તમાન રાજકીય સમીકરણો

ગાંધીનગર

વર્ષ ૨૦૧૫માં ગુજરાતના રાજકારણને અને સામાજિક તાણાવાણાને હચમચાવી મુકનાર પાટીદાર અનામત આંદોલન (PAAS) ને આજે વર્ષો વીતી ગયા છે. પરંતુ તે આંદોલનની આગમાં હોમાઈ ગયેલા ૧૪ નિર્દોષ પાટીદાર યુવાનોની શહાદત, હજારો યુવાનો સામે નોંધાયેલા પોલીસ કેસો અને સમગ્ર સમાજે ભોગવેલી યાતનાઓ આજે પણ ચર્ચાના કેન્દ્રમાં છે. સામાજિક ન્યાય અને અનામતની માંગ સાથે શરૂ થયેલા આ વિરાટ આંદોલનના મંચ પરથી ઉભરેલા નેતાઓએ જે રીતે સમય જતાં રાજકીય વળાંક લીધો, તેને લઈને આજે પાટીદાર સમાજના એક વર્ગમાં ભારે રોષ અને રાજકીય વિરોધ જોવા મળી રહ્યો છે. જે નેતાઓએ એક સમયે શાસક પક્ષ અને સરકાર સામે આરપારની લડાઈ લડી હતી, તેઓ આજે તે જ સત્તાધારી પક્ષ કે અન્ય રાજકીય પક્ષોમાં મોભાદાર સ્થાન ભોગવી રહ્યા છે: પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) ના મુખ્ય કન્વીનર તરીકે ઉભરેલા હાર્દિક પટેલે શરૂઆતમાં સરકાર સામે આક્રમક આંદોલન ચલાવ્યું. ત્યારબાદ તેઓ કોંગ્રેસમાં જોડાયા અને કાર્યકારી પ્રમુખ બન્યા. અંતે વર્ષ ૨૦૨૨માં તેઓ ભાજપમાં જોડાયા અને હાલ ભાજપના ધારાસભ્ય તરીકે સક્રિય છે. આંદોલન દરમિયાન આગવી ઓળખ ઊભી કરનાર વરુણ પટેલ અને રેશ્મા પટેલ આંદોલન ચરમસીમાએ હતું ત્યારે જ ૨૦૧૭માં ભાજપમાં જોડાયા હતા.

### વડાપ્રધાનના જન્મદિવસે જ શરૂ કર્યું 'મેરી ડિગ્રી કા ક્યાં?' અભિયાન!

# બેરોજગારી મુદ્દે યુવા કોંગ્રેસનો મોટો વિસ્ફોટ

અમદાવાદ

દેશ અને રાજ્યમાં દિવસેને દિવસે વિકરાળ બની રહેલી બેરોજગારીની સમસ્યા સામે હવે યુવા કોંગ્રેસે આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકી દીધું છે! અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી ધમાકેદાર પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા 'મેરી ડિગ્રી કા ક્યાં?' નામના રાજ્યવ્યાપી અને દેશવ્યાપી અભિયાનની વિધિવત શરૂઆત કરી છે. એક તરફ દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ઉજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી તરફ યુવા કોંગ્રેસે દેશના કરોડો શિક્ષિત બેરોજગાર યુવાનોનો અવાજ બુલેટ ગતિએ ઉઠાવ્યો છે. ડિગ્રી વિરુદ્ધ બેરોજગારી: ડૉ. પ્રવીણસિંહ વણોલે સીધો પ્રહાર કરતા જણાવ્યું કે, 'એક તરફ વડાપ્રધાન પોતાની ડિગ્રીને લઈને ચર્ચામાં રહે છે, ત્યારે બીજી તરફ



દેશનો લાખો યુવા વર્ગ મોંઘા શિક્ષણ, દેવા અને વર્ષોની સખત મહેનત પછી મેળવેલી અસલી ડિગ્રીઓ હાથમાં લઈને નોકરી માટે દર-દર ભટકવા મજબૂર બન્યો છે.' દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનો વાયદો કરનારી ભાજપ સરકાર સરકારી વિભાગોમાં મંજૂર થયેલી મસમોટી ખાલી જગ્યાઓ પણ ભરી શકી નથી. યુવા કોંગ્રેસે સરકાર સમક્ષ બેરોજગારીના આંકડા મૂકીને તાત્કાલિક ધોરણે નીચે મુજબની કડક માંગણીઓ કરી છે. ગુજરાતમાં સરકારી વિભાગોમાં ખાલી પડેલી ૧.૫ લાખથી વધુ જગ્યાઓ અને દેશભરમાં ખાલી પડેલી ૫૦,૦૫,૮૫૦થી વધુ સરકારી જગ્યાઓ એક જ વર્ષની અંદર તાત્કાલિક ધોરણે ભરવામાં આવે. દર વર્ષે સરકારી નોકરીઓ માટેનું 'ટાઈમબદ્ધ ભરતી કેલેન્ડર' જાહેર થાય અને પરીક્ષાથી લઈને નિમણૂક સુધીની પ્રક્રિયા નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી થાય. યુવાન માત્ર નોકરી નથી માંગતો, પણ દેવું કરીને ભણાવનારા પોતાના માતા-પિતાનો આર્થિક સહારો બનવાની તક અને પોતાની ડિગ્રીનું સન્માન માંગે છે.

'મેરી ડિગ્રી કા ક્યાં?' અભિયાન માત્ર એક દિવસ પૂરતું સીમિત નહીં રહે પરંતુ આગામી આખું વર્ષ દેશભરમાં ચલાવવામાં આવશે. યુવા કોંગ્રેસ આ મુદ્દાને લઈને 'નોકરી માર્ચ', 'ડિગ્રી માર્ચ' અને વિવિધ લોકતાંત્રિક આંદોલનો દ્વારા યુવાનોને એકજૂટ કરશે.

# SD Pay કૌભાંડમાં અમરેલી પોલીસની મોટી સફળતા: કરોડોની ઠગાઈ કરનારા કૌભાંડીઓને ઓડિશાથી ઝડપી પાડ્યા!

અમરેલી/સુરત

કરોડો રૂપિયાનું ફ્રોડ કરીને સામાન્ય જનતાની પરસેવાની કમાણી લૂંટી લેનારા કૌભાંડીઓ માટે અમરેલી પોલીસ કાળ બનીને ત્રાટકી છે! આંતરરાજ્ય સ્તરે ગાજેલા ચર્ચિત 'SD Pay' એપ્લિકેશન કૌભાંડમાં અમરેલી સાયબર અને ગુના શોધક શાખાને મોટી સફળતા સાંપડી છે. આ અગાઉ 6 આરોપીઓની ધરપકડ બાદ, સતત નાસતા-ફરતા કૌભાંડના મુખ્ય બે સૂત્રધારોને અમરેલી પોલીસે ઓડિશાના સંબલપુરથી ઝડપી પાડી ગુજરાત ભેગા કરી દીધા છે. SD Pay એપના નામે કરોડોનું ફ્રોડ આચરીને આ ટોળકી ગાયબ થઈ ગઈ હતી. અમરેલી પોલીસે અગાઉ આ કૌભાંડમાં સામેલ 6 સાગરીતોને જેલ ભેગા કર્યા હતા. આ ધરપકડ થતાં જ કૌભાંડના ત્રણેય મુખ્ય ભેજાબાજોના પેટમાં


AI image

ફાળ પડી હતી અને તેઓ પોલીસ પકડથી બચવા માટે સતત એક રાજ્યથી બીજા રાજ્ય અને એક શહેરથી બીજા શહેર પોતાના ઠેકાણા બદલી રહ્યા હતા.

# ભાદરવી પૂનમના મેળા માટે મહેતાપુરાથી ખેરોજ પુલ વન-વે:હિંમતનગરથી અંબાજી જતા વાહનો માટે રસ્તામાં ફેરફાર

હિંમતનગર

ભાદરવી પૂનમના મહામેળાને કારણે અંબાજી અને ખેડબ્રહ્મા તરફ મોટી સંખ્યામાં પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓ નીકળશે. તેમની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા માટે સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રએ નિર્ણય લીધો છે. હિંમતનગરના મહેતાપુરાથી ખેરોજ પુલ સુધી હાઈવેના એક માર્ગ પર વાહનોની અવરજવર બંધ કરી વન-વે ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. ભાદરવી પૂનમના મેળામાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા અંબાજી આવે છે. સાબરકાંઠા જિલ્લામાંથી પણ હજારો પદયાત્રીઓ હિંમતનગર અને ખેડબ્રહ્મા થઈને અંબાજી જાય છે. પદયાત્રીઓ સામાન્ય રીતે રસ્તાની ડાબી બાજુએ ચાલે છે અને ઘણા સંઘો માતાજીના રથ સાથે પસાર થાય છે. અકસ્માત ટાળવા માટે આ ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ (IAS) એ ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ 33(1)(બી) હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ, મહેતાપુરાથી ખેરોજ પુલ સુધી હિંમતનગરથી જતા રોડની ડાબી બાજુના હાઈવે પર નાના-મોટા તમામ વાહનોની અવરજવર બંધ રહેશે.

### ભાજપના જ સભ્યએ સરકાર સામે બળવો કર્યો

# ગળતેશ્વર તાલુકા પંચાયતના ભાજપના સદસ્ય ઈશ્વરસિંહ પરમારના પ્રહારોથી રાજકારણ ગરમાયું!

## તાલુકા પંચાયતની ગ્રાન્ટ કાપી પંચાયતોને સીધી ફાળવવાના સરકારના નિર્ણય સામે ભારે વિરોધ: "વાર્ષિક ₹3 લાખની ગ્રાન્ટ આપી સરકારે અમારી મજાક ઉડાવી, 5 વર્ષ પછી લોકોને મોં શું બતાવવું?" – ઈશ્વરસિંહ પરમાર

ખેડા/ગળતેશ્વર

ગુજરાત સરકાર દ્વારા તાલુકા પંચાયતોની ગ્રાન્ટમાં કાપ મૂકીને ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતોને ફાળવવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે, તેની સામે હવે શાસક પક્ષ ભાજપની અંદરથી જ ભારે વિરોધ અને અસંતોષનો વિસ્ફોટ થયો છે! ખેડા જિલ્લાની ગળતેશ્વર તાલુકા પંચાયતના ભાજપના જ ચૂંટાયેલા સદસ્ય ઈશ્વરસિંહ પરમારે સરકારના આ નિર્ણય સામે ખુલ્લેઆમ બળવો પોકારી પોતાની જ સરકાર સામે સવાલો ઊભા કર્યા છે. તેમની આ ફેસબુક પોસ્ટે ભાજપના આંતરિક રાજકારણમાં મોટો ભૂકંપ સર્જી દીધો છે.

ઈશ્વરસિંહ પરમારે પોતાની સોશિયલ મીડિયા (Facebook)



પોસ્ટ મારફતે સરકારના આ નિર્ણયને ગંભીર અન્યાય ગણાવતા લખ્યું છે કે, તાલુકા પંચાયતના સદસ્યને વાર્ષિક માત્ર ૩ લાખની ગ્રાન્ટ મળે છે. વર્ષે ૩ લાખ રૂપિયામાં કયું મોટું વિકાસકાર્ય પૂરું કરી શકાય? સરકારે તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ સાથે આ પ્રકારની મજાક ન કરવી જોઈએ. ૫ વર્ષના અંતે માત્ર ૧૫ લાખનું કામ કરીને લોકશાહીમાં પ્રજા સમક્ષ કયા મોઢે મત માંગવા જવું અને લોકોને શું મોં બતાવવું?

ગ્રાન્ટ કાપીને સીધી પંચાયતોને આપવાના નિર્ણયથી માત્ર ગળતેશ્વર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતની તમામ તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અન્યાયનો શિકાર બન્યા છે. ઈશ્વરસિંહ પરમારે માત્ર વિરોધ દર્શાવીને અટકવાનું નામ નથી લીધું, પરંતુ આ મુદ્દે આરપારની લડાઈનું બ્યુગલ ફૂંક્યું છે. તેમણે જાહેરાત કરી છે કે આગામી દિવસોમાં ગુજરાતની તમામ તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, ન્યાય સમિતિના ચેરમેન અને સદસ્યોને એકમંચ પર ભેગા કરવામાં આવશે.

### સફેદ રેતીના કાળા કારોબારનો રંગેહાથ પર્દાફાશ!

# ડભોઈના વડજમાં ખનન માફિયાઓ પર ગ્રામજનોનો સપાટો

## રાત્રિના અંધારામાં ગ્રામજનોએ ઘેરાબંધી કરી રેતી ચોરોને ટ્રેક્ટર સાથે દબોચ્યા: પોલીસ અને ખાણ-ખનીજ વિભાગે મુદ્દામાલ જપ્ત કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા!

ડભોઈ

ડભોઈ તાલુકાના વડજ ગામની સીમમાં છેલ્લા ઘણા સમયથી ભૂમાફિયાઓ અને ખનન માફિયાઓ દ્વારા બેરોકટોક ચલાવવામાં આવી રહેલા સફેદ રેતીના ગેરકાયદે કાળા કારોબાર સામે આખરે જનઆક્રોશનો જ્વાળા વિસ્ફોટ થયો છે! તંત્રની ઢીલી નીતિથી કંટાળેલા જાગૃત ગ્રામજનોએ જાતે જ મોરચો સંભાળીને રાત્રિના અંધારામાં દરોડો પાડી રેતી ચોરી કરનારા માફિયાઓને મુદ્દામાલ અને ટ્રેક્ટર સાથે રંગેહાથ ઝડપી પાડી પોલીસ તથા ખાણ-ખનીજ વિભાગને સોંપી દીધા છે.



સ્થાનિક સૂત્રો અને ગામના અગ્રણીઓના જણાવ્યા અનુસાર, વડજ ગામની સીમમાંથી ખનન માફિયાઓએ એક સુનિયોજિત નેટવર્ક ઊભું કરીને સફેદ રેતીનો કાળો કારોબાર ધમધમાવ્યો હતો.

અત્યાર સુધીમાં અંદાજે ૫૦૦થી પણ વધુ ટ્રક જેટલી રેતી ગેરકાયદે રીતે ઉલેચી જવામાં આવી હોવાનો સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે.

આ ગેરકાયદે ખનનના કારણે સરકારી તિજોરીને લાખો રૂપિયાના રોયલ્ટીના નુકસાન સાથે સીમ વિસ્તારના પર્યાવરણને પણ અપૂરણીય ક્ષતિ પહોંચી રહી હતી.

ગઈકાલે રાત્રે સીમ વિસ્તારમાં ફરીથી ગેરકાયદે રેતી ખનન શરૂ થયું હોવાની પાકી બાતમી મળતાં જ ગામના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં સીમમાં ધસી ગયા હતા.

જાગૃત ગ્રામજનોએ એકાએક ઘેરાબંધી કરી રેતી ચોરી કરી રહેલા ખનન માફિયાઓ અને તેમના સાગરીતોને સ્થળ પર જ ઘેરી લીધા હતા. માફિયાઓ ભાગવાનો પ્રયાસ કરે તે પહેલાં જ ગામના લોકોએ તેમને રેતી ભરેલા ટ્રેક્ટર અને સાધનો સાથે દબોચી લીધા હતા.

# રાજકોટમાં બ્યુટીપાર્લર સંચાલિકાની ઘાતકી હત્યા:ઘરમાંથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી, પરિચિતે જ ગુનાને અંજામ આપ્યાની આશંકા

રાજકોટ

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર બાપા સીતારામ સોસાયટીમાં રહેતા બ્યુટીપાર્લર સંચાલિકાની તેના જ ઘરમાં ઘાતકી હત્યા નિપજાવવામાં આવી. મૃતક ગીતાબેન તેના પતિ અને પુત્રથી અલગ એકલા જ રહેતા હતા. આજે સવારે જ્યારે તેના પુત્રએ ઘરે આવીને તપાસ કરી તો માતાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી. કોઈ પરિચિતે જ હત્યાને અંજામ આપ્યો હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. પોલીસે પરિવાર સહિતના પરિચિતોની પૂછપરછ શરૂ કરી છે. મહત્વનું છે કે, રાજકોટ શહેરમાં છેલ્લા ચાર દિવસમાં હત્યાનો આ બીજો બનાવ છે. 55 વર્ષીય ગીતાબેન કિશોરભાઈ વાજા પોતાના ઘરે એકલા જ રહેતા અને ઘર નજીક જ બ્યુટી પાર્લર ચલાવીને પોતાનું જીવન નિર્વાહ કરતાં. આજે સવારે 9 વાગ્યા આસપાસ તેમનો પુત્ર આશિષ વાજા માતાના ઘરે આવ્યો. આ સમયે તેણે ઘરમાં પ્રવેશ કરતાં જ માતા લોહીલુહાણ અને બેભાન હાલતમાં જમીન પર પડેલા જોતા તુરંત જ 108ને જાણ કરી.108ની ટીમ સ્થળ પર પહોંચી મહિલાને તપાસી મૃત જાહેર કર્યા. બનાવ અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના PI સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો. પ્રાથમિક તપાસમાં મૃતક ગીતાબેન પોતાના પતિ કિશોરભાઈ અને પુત્ર આશિષ બંને અલગ અલગ રહેતા હોવાનું સામે આવ્યું છે.

# ગાંધીનગરમાં સગીરા પર અત્યાચાર ગુજારનાર નરાધમને કડક સજા: ધોરણ 10ની વિદ્યાર્થિનીના અપહરણ અને દુષ્કર્મ કેસમાં કોર્ટે ફટકારી 20 વર્ષની જેલ!

## ગાંધીનગર પોક્સો કોર્ટનો ઐતિહાસિક અને આકરો ચુકાદો: નરાધમને મસમોટો દંડ, સગીરાઓ સાથે છેડતી અને ગુના આચરનારા તત્વોમાં આકરા ચુકાદાથી ફફડાટ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીર વયની વિદ્યાર્થિનીને પ્રેમજાળ કે લાલચમાં ફસાવી તેનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો (POCSO) કોર્ટે આરોપીને દયા વગર ૨૦ વર્ષની સખત કેદની સજા અને મસમોટો દંડ ફટકારતો સણસણતો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટના આ આકરા વલણથી આવી વિકૃત માનસિકતા ધરાવતા ગુનેગારોમાં ભારે ધ્રૂજારી વ્યાપી ગઈ છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, ગાંધીનગર વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીર વયની વિદ્યાર્થિની શાળાએ કે પોતાના ઘરેથી અચાનક ગાયબ થઈ ગઈ હતી.

આરોપીએ સગીરાની ભોળી વયનો ગેરલાભ ઉઠાવીને તેનું અપહરણ કર્યું હતું અને તેને અજાણ્યા સ્થળે લઈ જઈને તેની મરજી વિરુદ્ધ વારંવાર ગંભીર દુષ્કર્મ ગુજાર્યું હતું.

પરિવારજનોની ફરિયાદના આધારે ગાંધીનગર પોલીસે તાત્કાલિક ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે હાઈટેક ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી સગીરાને હેમખેમ મુક્ત કરાવી હતી અને આરોપીની ધરપકડ કરીને તેને જેલભેગો કર્યો હતો.

પોલીસે આ કેસમાં ગંભીરતા દાખવીને ટૂંક સમયમાં જ તમામ વૈજ્ઞાનિક અને મેડિકલ પુરાવા જેવા કે DNA રિપોર્ટ, FSL રિપોર્ટ અને પીડિતાના ૧૬૪ મુજબના નિવેદનો એકત્ર કરીને કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી.

કેસની અંતિમ સુનાવણી દરમિયાન સરકારી વકીલે ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે, 'ધોરણ ૧૦માં ભણતી માસૂમ દીકરીનું ભવિષ્ય રોંદનારા અને તેની શારીરિક-માનસિક સ્થિતિ ઝીનવનારા આવા નરાધમ સામે કોઈ પણ પ્રકારની દયા દાખવવી જોઈએ નહીં. સમાજમાં દાખલો બેસે તેવી કડકમાં કડક સજા થવી જોઈએ.'

લોકશાહીના મંદિરનું કડવું સત્ય

# ગુજરાત વિધાનસભા ૭૦ દિવસની ભલામણ સામે વર્ષે સરેરાશ માત્ર 21 દિવસ જ ચાલે છે!



ગાંધીનગર

ગુજરાતની ૭ કરોડ જનતા પોતાના વિસ્તારના પડકારો અને પ્રશ્નોના નિકાલ માટે જે પ્રતિનિધિઓને ચૂંટીને વિધાનસભામાં મોકલે છે, એ જ લોકશાહીના મંદિરમાં જનતાના અવાજને વાચા આપવાના મામલે અત્યંત નિરાશાજનક ચિત્ર સામે આવ્યું છે. પ્રજાના કરોડ me તા ટેક્સના ખર્ચે ચાલતા ગૃહમાં બેઠકો અને કામગીરીના આંકડા રાજ્યની કથળતી સ્થિતિ છતી કરી રહ્યા છે.

બંધારણીય સમીક્ષા આયોગ (National Commission to Review the Working of the Constitution) ની સ્પષ્ટ ભલામણ છે કે રાજ્યની વિધાનસભાઓનું કામકાજ વર્ષમાં ઓછામાં ઓછું ૯૦ દિવસ ચાલવું જોઈએ, જેથી દરેક નાના-મોટા મુદ્દા પર ગંભીર ચર્ચા થઈ શકે. પરંતુ ગુજરાતમાં સ્થિતિ તદ્દન વિપરીત છે: તાજેતરના ચોમાસુ સત્ર દરમિયાન કૂલ ૧૩૫ જેટલા પ્રશ્નો રજૂ થયા હતા, પરંતુ તેમાંથી માત્ર ૨૯ પ્રશ્નો પર જ મૌખિક ચર્ચા શક્ય બની હતી! બાકીના પ્રશ્નો કાગળ પર જ રહી ગયા. ચોમાસુ સત્ર દરમિયાન માત્ર ૫૨ ધારાસભ્યોએ જ ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો. બાકીના ધારાસભ્યોએ ગૃહમાં માત્ર હાજરી પૂરવા કે મૌન દર્શક બનવા પૂરતું જ યોગદાન આપ્યું હતું! વિધાનસભાનું સત્ર યોજવા માટે દૈનિક લાખો રૂપિયાનો સરકારી ખર્ચ થાય છે. ધારાસભ્યોને પગાર, ભથ્થાં અને સુવિધાઓ આપવામાં આવે છે જેથી તેઓ પ્રજાનો અવાજ બને. પરંતુ જ્યારે ગૃહ ચાલવાનો સમય જ સમેટાઈ જાય અને સત્ર માત્ર કાગળ પરની વિધિ પૂરતું બની રહે, ત્યારે જનતાના ટેક્સના પૈસાનો સીધો દુર્વ્યય થાય છે. બેરોજગારી, મોંઘવારી, પેપર લીક કૌભાંડો, આરોગ્ય અને શિક્ષણના કથળતા સ્તર જેવા અતિ સંવેદનશીલ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવાને બદલે, સત્રોને ઉતાવળે આટોપી લેવાની પરંપરા બની ગઈ છે.

સાઈબર ક્રાઈમનો સકંજો

## ઈન્સ્ટાગ્રામ પર આપેલી એક લિંકે ડભોઈના યુવકના 3 બેંક એકાઉન્ટ કરી દીધા 'સાફ'

ડભોઈ

સોશિયલ મીડિયા પર અજાણી લિંક પર ક્લિક કરતાં પહેલાં સો વાર વિચારજો, નહીં તો તમારું બેંક એકાઉન્ટ ક્ષણભરમાં ખાલી થઈ શકે છે. આવી જ એક ચોંકાવનારી અને આંખ ઉઘાડનારી ઘટના ડભોઈમાં સામે આવી છે, જ્યાં સાઈબર ઠગે જાળ બિછાવીને એક યુવકને રૂા. ૧,૪૧,૩૮૩નો મસમોટો ચૂનો લગાવી દીધો છે.

ડભોઈના ચુનીલાલ પાર્કમાં રહેતા ૩૫ વર્ષીય હેવનકુમાર રમેશભાઈ ધોબી સાથે આ ડિજિટલ લૂંટ ચલાવવામાં આવી છે. ગત ૧૧મી તારીખે બપોરે આશરે ૪:૦૦ વાગ્યે હેવનકુમાર પોતાના ઘરે હતા, ત્યારે તેમના ઈન્સ્ટાગ્રામ આઈડી પર એક અજાણ્યા શખ્સ દ્વારા 'લૂમોના ટીવી' (Lumona TV) નામની એક શંકાસ્પદ એપ્લિકેશન/લિંક મોકલવામાં આવી હતી. અજાણતામાં હેવનકુમારે આ લિંક પરથી એપ ડાઉનલોડ કરી લીધી હતી. જોકે, કંઈક ગડબડ જણાતાં તેમણે તુરંત જ તેને અનઈન્સ્ટોલ પણ કરી દીધી હતી. પરંતુ, સાઈબર ઠગનો ખેલ તો એપ ડાઉનલોડ થતાં જ શરૂ થઈ ચૂક્યો હતો. એપ અનઈન્સ્ટોલ કર્યા બાદ જ્યારે હેવનકુમાર પોતાના એક કસ્ટમરને ઓનલાઈન પેમેન્ટ ટ્રાન્સફર કરી રહ્યા હતા, ત્યારે અચાનક જ તેમનો મોબાઈલ સંપૂર્ણપણે હેંગ થઈ ગયો હતો. મોબાઈલ હેંગ થવાની સાથે જ હેવનકુમારના ત્રણ અલગ-અલગ બેંક ખાતાઓમાંથી ધડાધડ રૂપિયા ઊપડવાના મેસેજ આવવા લાગ્યા હતા.

અંતરિયાળ રસ્તે કાળનો પંજો

## સોશિયલ મીડિયા સ્ટાર 'ગુજ્જુ લવ ગુરુ' ઉર્ફે ચંદન રાઠોડનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

વાવ-થરાદ

લાખો લોકોને પોતાના રમુજી અંદાજ અને કન્ટેન્ટથી હસાવનારા ઉત્તર ગુજરાતના લોકપ્રિય સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર અને કોમેડિયન ચંદન રાઠોડ (જેઓ ડિજિટલ દુનિયામાં 'ગુજ્જુ લવ ગુરુ' તરીકે પ્રખ્યાત હતા) નું એક માર્ગ અકસ્માતમાં કરૂણ અવસાન થતાં સમગ્ર સીમાવર્તી વિસ્તાર સહિત સોશિયલ મીડિયા વર્લ્ડમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.



મળતી સાચી અને પ્રાથમિક વિગતો અનુસાર, આ ગોઝારો અકસ્માત વાવ-થરાદ વિસ્તારના ભાભર-સુઈગામ હાઈવે પર આવેલા હરિધામ ગૌશાળા નજીક સર્જાયો હતો. ચંદન રાઠોડ પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે બાઈક પરથી નિયંત્રણ ગુમાવતા અથવા સામેથી આવતા અન્ય વાહન સાથેના અકસ્માતને કારણે તેઓ રસ્તા પર પટકાઈ પડ્યા હતા અને ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતના પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને તેમને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર કારગત ન નીવડતા તેમણે દમ તોડ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડીને અકસ્માતનો ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના કઈ રીતે બની તે અંગે ક્ષતિરહિત તપાસ ચાલી રહી છે. 'ગુજ્જુ લવ ગુરુ' તરીકે પોતાની આગવી શૈલીથી વિડીયો બનાવીને લાખો ફોલોઅર્સ મેળવનાર યુવાન કલાકારના અચાનક વિદાયથી ચાહકો આઘાતમાં સરી પડ્યા છે. સોશિયલ મીડિયા પર તેમના હજારો ચાહકો અને સાથી ઈનફ્લુએન્સરો ભાવુક શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે. આ ગોઝારી ઘટનાએ ફરી એકવાર હાઈવે પર વાહનચાલકોની સુરક્ષા અને માર્ગ અકસ્માતો સામે જાગૃતિનો ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે.

## પાટણના કઠીવાડામાં કાળજું કંપાવતી ઘટના: બંધ જિનિંગ મિલમાંથી મળી 6 મહિનાની માસૂમ બાળકી!

પાટણ

પાટણ જિલ્લાના સમી તાલુકામાં માનવતાને શર્મસાર કરતી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કઠીવાડા નજીક આવેલી એક બંધ જિનિંગ મિલના કમ્પાઉન્ડમાંથી ગત દિવસોમાં ૬ થી ૭ મહિનાની ત્યજી દેવાયેલી માસૂમ માસુમ બાળકી મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ફૂલ જેવી માસૂમ બાળકીના રડવાનો અવાજ આવતા જ સ્થાનિકો ભેગા થઈ ગયા હતા અને ત્વરિત પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સમી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે માસૂમ બાળકીને પોતાના કબ્જામાં લઈને પ્રાથમિક સારવાર અર્થે સમી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સંભાળ માટે ધારપુર જનરલ હોસ્પિટલ ખસેડી હતી. બાળકીને કોણ અને કેમ રઝળતી મૂકી ગયું તેની તપાસ માટે પોલીસે કઠીવાડા અને આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરા અને મોબાઈલ લોકેશન (ટિક્નિકલ સર્વેલન્સ) ઊંડાણપૂર્વક તપાસ્યા હતા. કડક સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે માસૂમને ત્યજી દેવાના ગુનામાં સંડોવાયેલા ૨ આરોપીઓની ઓળખ કરીને તેમની અટકાયત કરી લીધી છે.

ડમી દર્દીઓ મોકલી 8 મુન્નાભાઈ MBBS ઝડપાયા!

## સુરતના પાંડેસરામાં SOG અને આરોગ્ય વિભાગની ત્રાટક બોગસ ડોક્ટરો પર સર્જિકલ સ્ટ્રાઈક

પોલીસે ક્લિનિકોમાંથી ભારે પ્રમાણમાં એલોપેથી દવાઓ, પ્રોટોકોલ વગર વપરાતા ઈન્જેક્શનો અને તબીબી સાધનો મળીને કુલ 98,825 ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે

સુરત

સુરત શહેરના શ્રમજીવી અને ગીચ વસ્તી ધરાવતા પાંડેસરા વિસ્તારમાં ગરીબ અને અજ્ઞાત દર્દીઓના જીવ સાથે ખીલવાડ કરતા કસાઈ સમાન બોગસ ડોક્ટરોના કાળા કારોબાર પર સુરત SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમોએ મોટું મેગા ઓપરેશન પાર પાડ્યું છે. ડમી દર્દીઓ મોકલીને રચાયેલા આ માસ્ટરપ્લાનમાં એકસાથે ૮ ગેરકાયદેસર ક્લિનિકોના ધજાગરા ઊડી ગયા છે. સુરત SOG અને આરોગ્ય વિભાગની ૩ અલગ-અલગ ટીમોએ ગુપ્ત યોજના બનાવીને પાંડેસરા વિસ્તારમાં એકસાથે દરોડા પાડ્યા હતા. ટીમોએ કાળજીપૂર્વક ડમી દર્દીઓને ક્લિનિકોમાં મોકલ્યા હતા. જેવા આ બોગસ ડોક્ટરોએ સારવાર આપવાનું અને એલોપેથી દવાઓ લખવાનું શરૂ કર્યું, કે તરત જ ટીમોએ ત્રાટકીને રંગેહાથ પકડી પાડ્યા હતા. પકડાયેલા આઠેય બોગસ તબીબો પાસે કોઈ પણ માન્ય તબીબી ડિગ્રી (Medical Degree) ન હોવાનો પોલીસે ખુલાસો કર્યો છે. ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે ઝડપાયેલા તત્વોમાંથી કેટલાક માત્ર ૧૨ પાસ છે, તો કેટલાક અગાઉ કોઈ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર કે ઓપરેશન થિયેટર (OT) આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા હતા! એ જ અનુભવના આધારે તેઓ ગરીબોના જીવ સાથે રમતા હતા. આ દરોડા દરમિયાન માનવતાને શર્મસાર કરતા કિસ્સા સામે આવ્યા છે. એક બોગસ તબીબ તો એક માસૂમ સગીર દર્દીને ગેરકાયદેસર રીતે ગ્લુકોઝની બોટલ ચડાવતો કલેક્ટર અને પોલીસની નજર સામે પકડાઈ ગયો હતો! જૂના મોતના કેસનો આરોપી ઝડપાયો: અગાઉ એક કિશોરના શંકાસ્પદ મોત મામલે ગંભીર આક્ષેપોનો સામનો કરી ચૂકેલો બોગસ તબીબ પણ આ મેગા સર્ચ ઓપરેશનમાં પોલીસના સકંજામાં આવી ગયો છે.

મહેસાણાના વડનગરમાં મોટી હોનારત ટળી

## મહારાષ્ટ્રના ડેપ્યુટી CM શિંદેના હેલિકોપ્ટરમાં ટેક-ઓફ પહેલાં ટેકનિકલ ખામી સર્જાઈ!!

વડનગર

ગુજરાત પ્રવાસે આવેલા મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેના કાફલાને લઈને એક મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. મહેસાણા જિલ્લાના વડનગર ખાતે પધારેલા DyCM એકનાથ શિંદેના હેલિકોપ્ટરમાં ઉડાન ભરતા પહેલા જ અચાનક ગંભીર તાંત્રિક ખામી (Technical Snag) સર્જાતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, પાયલટની સમયસૂચકતા અને સતર્કતાને કારણે ટેક-ઓફ રોકી દેવામાં આવ્યું હતું અને એક મોટી હોનારત ટળી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મસ્થળ વડનગર ખાતે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' કાર્યક્રમમાં હાજરી આપવા માટે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે ગુજરાત આવ્યા હતા.

વડનગર ખાતેના કાર્યક્રમો આટોપીને તેઓ હેલિકોપ્ટર મારફતે અમદાવાદ જવા માટે રવાના થઈ રહ્યા હતા. ટેક-ઓફ માટે તંત્ર અને સિક્યુરિટી એલર્ટ મોડ પર હતા તે જ સમયે હેલિકોપ્ટરના ચેકિંગ અને સ્ટાર્ટઅપ ટ્રાયલ દરમિયાન જ પાયલટના ધ્યાને ગંભીર તાંત્રિક ખામી આવી હતી.

સુરક્ષાને પ્રાથમિકતા આપતાં પાયલટે તુરંત જ હેલિકોપ્ટરનું ઉડાન રદ કરવાનો નિર્ણય લીધો હતો. આ ઘટના બનતાં જ સ્થળ પર તૈનાત વહીવટી તંત્ર, પોલીસ કાફલો અને વીઆઈપી સિક્યોરિટીના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

હેલિકોપ્ટરમાં તાંત્રિક ખામી સર્જાતાં અને તેનો પ્રવાસ રદ થતાં જ તાત્કાલિક ધોરણે એકનાથ શિંદે માટે વૈકલ્પિક રોડ રૂટની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાર બાદ તેઓ કાર કાફલા સાથે બાય-રોડ માર્ગે અમદાવાદના પોતાના આગળના સુનિશ્ચિત કાર્યક્રમો માટે રવાના થયા હતા.

સુદૈવે આ ઘટનામાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી અને એકનાથ શિંદે તથા તેમની ટીમ પૂર્ણપણે સુરક્ષિત છે. જોકે, વીઆઈપી મુવમેન્ટ દરમિયાન હેલિકોપ્ટરમાં આવી ખામી સર્જાવાને લઈને સુરક્ષા વ્યવસ્થા અને ટેકનિકલ મેન્ટેનન્સ સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે, ટેક-ઓફ પહેલાં જ ખામી ધ્યાનમાં આવી જતાં કોઈ મોટી ઘટના બની નહોતી. શિંદે સુરક્ષિત હોવાનું જાણવા મળી રહ્યું છે. હેલિકોપ્ટરમાં ચોક્કસ કઈ ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેને દૂર કરવામાં કેટલો સમય લાગ્યો તે અંગેની વધુ વિગતો સંબંધિત અધિકારીઓ તરફથી સ્પષ્ટ થવાની બાકી છે.

કોંગ્રેસના કલહ પર ભાજપનો કટાક્ષ કે રાજકીય તકવાદી ઘા?

## બનાસકાંઠાના વિખવાદ વચ્ચે જયરાજસિંહ પરમારનો તીખો પ્રહાર : "અંદરોઅંદર લડવું એ કોંગ્રેસની પ્રિય રમત!"

બનાસકાંઠા

ગુજરાતના રાજકારણમાં એક સમયે કોંગ્રેસના જ અવાજ ગણાતા અને હાલ ભાજપના પ્રખર નેતા જયરાજસિંહ પરમારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાથેના ખાસ વાર્તાલાપમાં કોંગ્રેસની આંતરિક ખેંચતાણ પર એવો કટાક્ષ કર્યો છે કે જેનાથી રાજ્યના રાજકીય વર્તુળોમાં મોટો ગરમાવો આવી ગયો છે. પ્રદેશથી લઈને જિલ્લા સ્તર સુધી કોંગ્રેસમાં સર્જાયેલા તાજેતરના વિવાદો અંગે બોલતા તેમણે સણસણતો આક્ષેપ કર્યો કે, 'કોંગ્રેસની પ્રિય રમત અંદરોઅંદર લડવું છે.' બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સંગઠનને લઈને ઊભા થયેલા આંતરિક મતભેદો અને જૂથબંધી જ્યારે ચોરે ને ચૌટે ચર્ચાનો વિષય બની છે, ત્યારે જયરાજસિંહનું આ નિવેદન કોંગ્રેસ માટે બળતામાં ઘી હોમાવા સમાન સાબિત થયું છે.

બનાસકાંઠા, જે એક સમયે કોંગ્રેસનો મજબૂત ગઢ ગણાતો હતો, ત્યાં સંગઠનના માળખા અને હોદ્દેદારોની વરણીને લઈને નેતાઓ અંદરોઅંદર સામસામે આવી ગયા છે. જિલ્લા સ્તરે હોદ્દાઓ અને સત્તાની વહેંચણી મુદ્દે ઊભી થયેલી તિરાડો હવે માત્ર બંધ બારણે નહીં, પરંતુ જાહેર ચર્ચાનો વિષય બની ગઈ છે. જયરાજસિંહ પરમાર પોતે દાયકાઓ સુધી કોંગ્રેસના સંગઠનમાં રહી ચૂક્યા છે, તેથી તેઓ કોંગ્રેસની અંદરની નબળાઈઓ અને માનસિકતાથી ખૂબ સારી રીતે વાકેફ છે. જ્યારે તેઓ આ નિવેદન આપે છે, ત્યારે તે માત્ર એક રાજકીય પ્રહાર નથી રહેતો પણ કોંગ્રેસની જૂની બીમારી પર સીધી આંગળી ચિંધવા સમાન બની જાય છે. જયરાજસિંહ પરમારના આ નિવેદનને બે અલગ-અલગ દ્રષ્ટિકોણથી મૂલવવું જરૂરી છે: કોંગ્રેસની વાસ્તવિકતા અને કડવું સત્ય: કોંગ્રેસ પક્ષ માટે ચૂંટણીઓ જીતવા કરતાં પહેલાં પોતાના જ નેતાઓને સાચવવા એ મોટો પડકાર બની ગયો છે. કાર્યકરો જ્યારે પ્રજાના પ્રશ્નો માટે લડવાને બદલે હોદ્દાઓ માટે અંદરોઅંદર લડે છે, ત્યારે જનતાનો વિશ્વાસ ડગમગી જાય છે. ભાજપ આ જ નબળાઈનો રાજકીય લાભ ઉઠાવી રહ્યું છે. ભાજપના નેતાઓ ખૂબ જ આયોજનબદ્ધ રીતે જનતા સમક્ષ એવું નેરેટિવ સેટ કરી રહ્યા છે કે કોંગ્રેસ એક 'વિખેરાયેલું ઘર' છે જે દેશ કે રાજ્યનું નેતૃત્વ કરવા માટે સક્ષમ નથી. જયરાજસિંહ જેવા ભૂતપૂર્વ કોંગ્રેસી નેતાનો ઉપયોગ કરીને ભાજપ આ અવાજને વધુ ધારદાર બનાવી રહ્યું છે. બનાસકાંઠા જેવા મહત્વના જિલ્લામાં આંતરિક વિખવાદ શમાવવામાં પ્રદેશ કોંગ્રેસ હાઈકમાન્ડ કેમ નિષ્ફળ નીવડી રહ્યું છે?

## નોકરી માટે રાજસ્થાનથી અમદાવાદ આવેલા યુવક પર શેરથામાં ઘાતક હુમલો

રીક્ષા ચલાવવા મુદ્દે લોખંડની પાઇપ અને ધોકાથી માર મારી કપાળે ફ્રેક્ચર કરી દીધું!

અમદાવાદ

રોજી-રોટી કમાવા અને પોતાના પરિવારનું પેટ ભરવા માટે રાજસ્થાનથી અમદાવાદ આવેલો એક નિર્દોષ યુવક લોહિયાળ હુમલાનો ભોગ બનતાં ભારે ચકચાર મચી ગઈ છે. અડાલજ પોલીસ સ્ટેશન હસ્તકના શેરથા ગામે રીક્ષા ચલાવવા બાબતે થયેલી નજીવી બોલાચાલીમાં આ પરપ્રાંતિય યુવક પર લોખંડની પાઈપ અને લાકડાના ધોકા વડે પ્રાણઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાનોf ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.



મળતી વિગતો અનુસાર, ભોગ બનનાર યુવક પ્રતીક જાટ પર અચાનક તૂટી પડેલા તત્વોએ એટલી ક્રૂરતાથી માર માર્યો હતો કે યુવકને કપાળના ભાગે ગંભીર ફ્રેક્ચર થઈ ગયું છે અને તે હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે.

આ લોહિયાળ હુમલા મામલે અડાલજ પોલીસ મથકે ૩ હુમલાખોરો સામે નામજોગ ફરિયાદ નોંધવામાં આવી છે.

હુમલો કરનારાઓએ પણ બચાવરૂપે સામી ક્રોસ ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે, જેનાથી કાયદાકીય તપાસ લંબાઈ રહી છે. ઘટના સમયે હુમલાખોરોએ આસપાસના ૯ થી ૧૦ અસામાજિક તત્વોના ટોળાને સ્થળ પર બોલાવીને આંતંક મચાવ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

PM આવાસ યોજનાના નામે ગરીબો પાસેથી લાખોનો ખેલ

## રૂપિયા 4.07 લાખની લાંચ લેતા વચેટિયો સુરેશ પંડ્યા શાહીબાગ સ્વામિનારાયણ મંદિર બહારથી રંગેહાથ ઝડપાયો!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના નિરાધાર લોકોને છત આપવાના ઉમદા આશયથી ચાલતી 'પ્રધાનમંત્રી આવાસ યોજના' (PMAY) ના નામે ચાલતા કાળા કારોબાર પર એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ મોટો ધડાકો કર્યો છે. આવાસ યોજના હેઠળ મકાનની ફાળવણી અને સેટિંગ કરાવી આપવાના નામે નિર્દોષ લાભાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ખંખેરતા દલાલ-વચેટિયા સુરેશભાઈ પંડ્યાને ACBએ છટકું ગોઠવીને શાહીબાગ વિસ્તારમાંથી રંગેહાથ પકડી પાડ્યો છે. સરકારી યોજનાઓના નામે વચેટિયાઓ કેવા બેફામ બન્યા છે તેનો જીવંત પુરાવો આ ઘટનામાં સામે આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન પાક્કું કરી આપવા અને વહીવટી સેટિંગ કરાવવાના નામે સુરેશભાઈ પંડ્યા નામના વચેટિયાએ એક આશાસ્પદ લાભાર્થી પાસેથી મસમોટી લાંચની માંગણી કરી હતી. જાગૃત લાભાર્થીએ લાંચ આપવાને બદલે ACB નો સંપર્ક કર્યો હતો. ACB એ તાત્કાલિક પ્લાન બનાવીને શાહીબાગ સ્થિત સ્વામિનારાયણ મંદિર બહાર છટકું ગોઠવ્યું હતું. સુરેશ પંડ્યા જેવા જ લાભાર્થી પાસેથી ૪,૦૭,૦૦૦ ની મોટી લાંચની રકમ સ્વીકારી રહ્યો હતો, કે તરત જ વોચમાં ગોઠવાયેલી ACB ની ટીમે તેને રંગેહાથ દબોચી લીધો હતો. PMAY યોજના એ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું પોતાના ઘરનું સપનું પૂરું કરવાનો માર્ગ છે. પરંતુ સરકારી કચેરીઓ અને સેટિંગબાજોના કારણે આ યોજના ગરીબો માટે આશીર્વાદને બદલે શ્રાપ બની ગઈ છે. શાહીબાગ જેવા જાહેર અને પવિત્ર સ્થળ બહાર લાખોની રકમ સ્વીકારતા વચેટિયો ઝડપાતાં જ આવાસ યોજનાના નામે કમિશન અને સેટિંગ ખોરી કરતા અન્ય દલાલોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. માત્ર એક સુરેશ પંડ્યા જ લાંચ લેતો હતો કે તેની પાછળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કે આવાસ યોજના વિભાગના ઉચ્ચ અધિકારીઓની પણ સીધી સંડોવણી છે?

બેંકિંગ સેક્ટરમાં સનસનાટી

## CSB બેંકની મનમાની અને દાદાગીરી પર રાજકોટ ગ્રાહક સુરક્ષા કમિશનની આકરી લાલ આંખ!

રાજકોટ

ગ્રાહકોના ખિસ્સા પર ત્રાપ મારીને બેંકિંગના નામે ખુલ્લેઆમ લૂંટ ચલાવતી બેંકો માટે આ ચુકાદો એક સણસણતો તમાચો છે! રાજકોટ ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રેડ્રેસલ કમિશને (ગ્રાહક સુરક્ષા કમિશન) શિક્ષણવિદ થંકચન જોસ કૈથારથના પક્ષમાં એક ઐતિહાસિક અને આકરો ચુકાદો આપીને CSB બેંકની ગેરકાયદેસર મનમાનીનો પર્દાફાશ કર્યો છે.

શિક્ષણવિદ થંકચન જોસ કૈથારથે પોતાની દીકરીના ભવિષ્ય અને ઉચ્ચ શિક્ષણ માટે ફેબ્રુઆરી 2012માં CSB બેંકમાંથી રૂ. 7.50 લાખની એજ્યુકેશન લોન લીધી હતી. બેંક સાથે થયેલા કરાર મુજબ: વ્યાજ દર: 14% વાર્ષિક, મુદત: 7 વર્ષ (84 હપ્તા). હપ્તાની રકમ: રૂ. 16,500 પ્રતિ માસ. તમામ શરતોનું પાલન કરીને કૈથારથે નિયમિતપણે તમામ 84 હપ્તા ભરીને કુલ રૂ. 13.99 લાખ જેટલી મસમોટી રકમ બેંકમાં જમા કરાવી દીધી હતી. નિયમ મુજબ લોન પૂર્ણ થઈ જવી જોઈતી હતી અને બેંકે 'નો ડ્યુ સર્ટિફિકેટ' આપવાનું હતું.

તમામ હપ્તા પૂરા થઈ ગયા હોવા છતાં, જ્યારે માર્ચ 2024નું એકાઉન્ટ સ્ટેટમેન્ટ આવ્યું ત્યારે કૈથારથના પગ નીચેથી જમીન સરકી ગઈ! બેંકે સ્ટેટમેન્ટમાં હજુ પણ રૂ. 9.96 લાખની બાકી નીકળતી રકમ દર્શાવી હતી!

CSB બેંકે ગ્રાહકની કોઈપણ જાતની લેખિત સંમતિ કે પૂર્વ નોટિસ આપ્યા વિના જ લોનની મુદત સાત વર્ષ (84 મહિના)થી વધારીને સીધી 189 મહિના (15 વર્ષથી વધુ) કરી નાખી હતી!

## તંત્રી લેખ...

# ડિજિટલ ક્રાંતિનો આભાસી જાદુ: UPI ના મોહજાળમાં હોમાતી સામાન્ય જનતા! તમારા પરસેવાના પૈસાથી બેંકો અને કોર્પોરેટ્સનો કાળો કારોબાર?

આજના આધુનિક યુગમાં 'કેશલેસ ઈન્ડિયા' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવા આકર્ષક નારાઓ આપીને સામાન્ય નાગરિકોને ક્યુઆર કોડ (QR Code) સ્કેન કરવા તરફ ધકેલી દેવામાં આવ્યા છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે ૧૦ ની ચા કે ૧૦૦ નું શાકભાજી લેવા માટે તમે જે યુપીઆઈ (UPI) બટન દબાવો છો, તેનાથી વાસ્તવમાં ફાયદો કોને થઈ રહ્યો છે? ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે આ વ્યવસ્થા સામાન્ય ગ્રાહક કે નાના વેપારીના ફાયદા માટે નહીં, પરંતુ મોટો આર્થિક કંટ્રોલ પોતાના હાથમાં રાખવા અને ઉદ્યોગપતિઓની તિજોરીઓ ભરવા માટે બેંકિંગ ક્ષેત્ર દ્વારા વણાયેલું એક મોટું જાળું છે.

## આંકડાઓનો માયાવી ખેલ: રોજના ₹96,000 કરોડ ક્યાં જાય છે?

જ્યારે તમે કોઈ વેપારી કે દુકાનદારને ૧૦૦ કે ૫૦૦ કેશ આપો છો, ત્યારે તે રોકડ નાણાં સ્થાનિક અર્થતંત્રમાં ફરે છે અને રોકડ તરીકે બજારમાં સક્રિય રહે છે. પરંતુ જ્યારે તમે એ જ રકમ UPI થી ચૂકવો છો, ત્યારે તે રોકડ સીધી બેંક ખાતામાં ડિજિટલ એન્ટ્રી બનીને જમા થઈ જાય છે.

દૈનિક અબજો રૂપિયાની લિક્વિડિટી: સમગ્ર દેશમાં દરરોજ અંદાજે ૯૬,૦૦૦ કરોડ ના વ્યવહારો UPI મારફતે થાય છે.



માસિક ૨૯.૮૨ લાખ કરોડનું મહા-ભંડોળ: દર મહિને અંદાજિત ૨૯,૮૨,૦૦૦ કરોડ રકમ બેંકિંગ સિસ્ટમની અંદર ડિજિટલ સ્વરૂપે લૉક થઈ જાય છે.

બેંકો અને ઉદ્યોગપતિઓની મિલીભગત: બેંકો પાસે જમા થતાં આ અબજો રૂપિયાના ફંડ (Float Money) નો ઉપયોગ સામાન્ય પ્રજાને વ્યાજ આપવા માટે નથી થતો! આ જ જમા રકમના આધારે બેંકો દેશના મોટા પુંજીપતિઓ અને ઉદ્યોગપતિઓને હજારો કરોડ રૂપિયાની લોન અલ્પ વ્યાજે લહાવણી કરી દે છે. આ એ જ ઉદ્યોગપતિઓ છે જેમની લોન બાદમાં NPA (બિન-કાર્યક્ષમ અસ્કયામતો) બની જાય છે કે માફ કરી દેવામાં આવે છે! ટૂંકમાં, જનતા પોતાના પૈસા ડિજિટલ બનાવી બેંકોમાં મુકે છે અને બેંકો તેનો લાભ કોર્પોરેટ ઘરાનાઓને પહોંચાડે છે.

## 0.4% ઇન્ટરચેન્જ ચાર્જ: મોંઘવારીનો નવો ગુપ્ત બોજ!

હવે સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. UPI માં ૨,૦૦૦ થી વધુના ટ્રાન્ઝેક્શન પર વસૂલવામાં આવતો ૦.૪% સુધીનો ચાર્જ એ સામાન્ય ગ્રાહકની કમર તોડવાનું નવું શસ્ત્ર છે.

દુકાનદાર પોતાના ખિસ્સામાંથી નહીં આપે: કોઈ પણ નાના કે મોટા વેપારી આ ૦.૪% ચાર્જ પોતાના નફામાંથી ચૂકવવાના નથી.

ગ્રાહક પર જ પડશે માર: વેપારીઓ આ ચાર્જને ચીજવસ્તુઓના ભાવમાં ઉમેરીને આડકતરી રીતે સામાન્ય ગ્રાહકો પાસેથી જ વસૂલશે. એટલે કે ડિજિટલ પેમેન્ટના નામે ગ્રાહક પાસેથી જ વધારાના નાણાં સેરવી લેવામાં આવશે.

## સ્થાનિક અર્થતંત્ર પર મોટો ઘા

રોકડ નાણાં (Cash) એ નાગરિકની આર્થિક સ્વતંત્રતાનું પ્રતિક છે. જ્યારે બજારમાંથી કેશ ગાયબ થાય છે અને બધું જ ડિજિટલ બને છે, ત્યારે તમારા એક-એક રૂપિયા પર બેંકો, પેમેન્ટ એપ્સ અને સરકારની સીધી નજર રહે છે. નાના ફેરિયાઓ, શાકભાજીવાળા અને સ્થાનિક દુકાનદારો જે રોકડથી પોતાનું ઘર ચલાવતા હતા, તેઓ પણ હવે બેંકિંગ સિસ્ટમના આ ચક્રવ્યૂહમાં ફસાઈ ચૂક્યા છે.

## પાક્કો ગુજરાતનો સ્પષ્ટ સંદેશ અને જાગૃતિ અપીલ

UPI નો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવાની જરૂર નથી, પરંતુ તેનો ઉપયોગ અત્યંત જરૂરી હોય ત્યારે જ કરવાની આદત પાડવી પડશે. દરેક નાના-મોટા વ્યવહારમાં આંધળો ડિજિટલ મોહ છોડીને રોકડ (Cash) નાણાંનો ઉપયોગ વધારવો એ જ સામાન્ય નાગરિકની આર્થિક સ્વતંત્રતા અને સ્થાનિક વેપારીઓને બચાવવાનો રોકડિયો ઉપાય છે.

જાગો ગ્રાહક જાગો - ડિજિટલ સુવિધાના નામે તમારી આર્થિક સ્વતંત્રતા બેંકોના હાથમાં ગીરો મૂકવાનું બંધ કરો!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# AC કેબિનો છોડી કોંગ્રેસ જમીન પર ક્યારે ઉતરશે?

## રાહુલ ગાંધી દેશમાં જેન-ઝી (Gen-Z)નો માહોલ બનાવે, ને ગુજરાતમાં યુથ કોંગ્રેસમાંથી ધડાધડ રાજીનામા પડે!

એક તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી દેશભરમાં યુવાનો અને જેન-ઝી (Gen-Z) સાથે કનેક્ટ થવા માટે નવી રણનીતિઓ ઘડી રહ્યા છે, ત્યારે બીજી તરફ ગુજરાતમાં કોંગ્રેસની વાસ્તવિકતા સાવ વિપરીત અને દયાજનક ચિત્ર રજૂ કરી રહી છે. ગુજરાતમાં યુથ કોંગ્રેસના હોદ્દેદારો અને યુવા કાર્યકરો નિરાશ થઈને રાજીનામા આપી રહ્યા છે. છેલ્લા ૩૦ વર્ષથી એકના એક નિષ્ફળ ચહેરાઓ અને જૂની વિચારસરણી ધરાવતા નેતાઓના હાથમાં અટવાયેલી ગુજરાત કોંગ્રેસ જો પોતાનું અસ્તિત્વ બચાવવા માંગતી હોય, તો હવે આમૂલ પરિવર્તન સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

### AC કેબિનોના નેતૃત્વથી જમીની રાજકારણ ના થાય!

ગુજરાતમાં વિપક્ષ તરીકે કોંગ્રેસની સૌથી મોટી નબળાઈ એ રહી છે કે તેના મોટાભાગના નેતાઓ માત્ર એસી (AC) કેબિનોમાં બેસીને પ્રેસ કોન્ફરન્સો કરવા કે સોશિયલ મીડિયા પર નિવેદનો આપવા પૂરતા સીમિત થઈ ગયા છે.

જમીની પકડનો અભાવ: સરકારની નીતિઓ, ભરતી કૌભાંડો, મોંઘવારી કે વહીવટી ગેરરીતિઓ સામે જનતામાં આક્રોશ તો છે, પરંતુ આ આક્રોશને જન-આંદોલનમાં ફેરવવામાં કોંગ્રેસનું નેતૃત્વ સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

જૂના ચહેરાઓથી જનતા કંટાળી: જે નેતાઓના નેતૃત્વમાં પક્ષ સતત ચૂંટણીઓ હારતો આવ્યો છે, એ જ ચહેરાઓને વારંવાર આગળ ધરીને પ્રદેશનું નેતૃત્વ સોંપવામાં આવે છે. તેનાથી સામાન્ય મતદાતાઓ અને યુવાનોમાં કોઈ નવો ઉત્સાહ ઊભો થતો નથી.

ગુજરાત કોંગ્રેસને પૂર્ણજીવિત કરવાનો એકમાત્ર રસ્તો: યુથ અને નવા ચહેરા

જો ગુજરાતમાં કોંગ્રેસને ખરા અર્થમાં પૂર્ણજીવિત કરવી હોય અને ભવિષ્ય ઉજ્જવળ બનાવવું હોય, તો દિલ્હીના હાઈકમાન્ડે આકરા નિર્ણયો લઈને ખાસ રણનીતિ અપનાવવી પડશે:

૧. નવા અને યુવા ચહેરાઓને કમાન: પ્રદેશ પ્રમુખથી લઈને સંગઠનના મુખ્ય હોદ્દાઓ પર જૂના અને સ્થાપિત હિત ધરાવતા નેતાઓને બદલે એવા યુવા નેતાઓને જવાબદારી સોંપવી પડે જે યુવાનો અને મતદાતાઓ સાથે સીધો સંવાદ સાધી શકે.

૨. માત્ર રાજીનામા નહીં, સ્થાન: યુથ કોંગ્રેસના કાર્યકરોને માત્ર ચૂંટણીઓમાં બેનરો લગાવવા પૂરતા વાપરવાને બદલે તેમને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સ્થાન આપવું પડશે, જેથી રાજીનામાનો દોર અટકે.

૩. રસ્તા પરનું આંદોલન: પ્રજાના પ્રશ્નો માટે એસી રૂમમાંથી બહાર નીકળીને ઉનાળાના તાપમાં અને રસ્તાઓ પર ઉતરીને લડત આપવી પડશે.

### પાક્કો ગુજરાતનો સણસણતો સૂર

ચૂંટણીઓ માત્ર ભૂતકાળના ઈતિહાસ પર નથી જીતાતી, પરંતુ વર્તમાનમાં જનતા સાથેના જોડાણથી જીતાય છે. જો દિલ્હી હાઈકમાન્ડ અને ગુજરાત કોંગ્રેસ સમયસર જાગીને પોતાના સંગઠનમાં 'યુવા ક્રાંતિ' નહીં લાવે, તો ૩૦ વર્ષનો વનવાસ ક્યારેય પૂરો નહીં થાય. ગુજરાતના યુવાનો અને જનતાને આજે એક આક્રમક, જમીની અને નવો વિપક્ષ જોઈએ છે - નહીં કે એસી કેબિનમાં બેસીને રાજકારણ રમનારા જૂના ચહેરાઓ!

# પ્રેમ... જે શબ્દોમાં નહીં, અનુભૂતિમાં જીવાય છે

પ્રેમ એક એવો અહેસાસ છે, જેને શબ્દોની જરૂર પડતી નથી. ક્યારેક કોઈની આંખોમાં છલકાતી ચિંતા પ્રેમ બની જાય છે, તો ક્યારેક કોઈની નિઃશબ્દ રાહ જોવી પણ પ્રેમની સૌથી સુંદર ભાષા બની જાય છે.




પ્રેમ એટલે માત્ર સાથે રહેવું નહીં, પરંતુ દૂર રહીને પણ કોઈના સુખ માટે પ્રાર્થના કરવી. સંબંધમાં અધિકાર કરતાં સમજણ વધારે હોય અને ફરિયાદ કરતાં લાગણી વધારે હોય, ત્યાં પ્રેમ ધીમે ધીમે હૃદયમાં ઘર બનાવી લે છે. "પ્રેમ એ પામવાની જીદ નથી,
પ્રેમ તો કોઈના સ્મિતમાં પોતાનું સુખ શોધવાનું નામ છે."

સાચો પ્રેમ દેખાડો કરતો નથી. તે ભીડમાં પણ કોઈ એક વ્યક્તિની ખામોશી વાંચી લે છે. શબ્દો અટકી જાય ત્યારે લાગણી સમજી લે છે અને મુશ્કેલીના સમયમાં કોઈ અપેક્ષા વિના પડખે ઊભો રહે છે. પરંતુ આજના સમયમાં સંબંધો ઘણી વાર નાની ગેરસમજથી તૂટી જાય છે. આપણે સામેની વ્યક્તિને સમજવા કરતાં તેને સમજાવવાની ઉતાવળ કરીએ છીએ. જ્યાં સંવાદ ઓછો અને અહંકાર વધારે હોય, ત્યાં પ્રેમ હોવા છતાં અંતર ઊભું થઈ જાય છે. પ્રેમને જીવંત રાખવા માટે મોંઘી ભેટોની નહીં, થોડી સમજણ, થોડો સમય, થોડો વિશ્વાસ અને ઘણો સ્નેહ જોઈએ. કારણ કે જીવનના અંતે યાદ ભેટોની નથી રહેતી; યાદ રહે છે તો કોઈએ આપણને કેટલા પ્રેમથી સમજ્યા હતા તેની. પ્રેમ જીવનની સૌથી સુંદર કવિતા છે—જે લખાતી નથી, માત્ર હૃદયથી વાંચાતી હોય છે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# ₹11ના પ્રોડક્ટની કિંમત 325! હોસ્પિટલોમાં ગરીબોના લોહી-પસીનાની કમાણી લૂંટવાનું કૌભાંડ

## આઈએએસ તુકારામ મુંઢેના સણસણતા વિશ્લેષણથી મેડિકલ માફિયાઓમાં ભારે ફફડાટ!

રોગ અને મુસીબતના સમયે જ્યાં માણસ પોતાના સ્વજનનો જીવ બચાવવા માટે ઘર-બાર અને દાગીના ગીરો મૂકી દે છે, ત્યાં હોસ્પિટલોના બંધ બારણે દર્દીઓનું લોહી ચૂસવાનો કેવો કાળો કારોબાર ચાલે છે તેનો જ્વલંત પર્દાફાશ થયો છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના કમિશનર અને નીડર આઈએએસ અધિકારી તુકારામ મુંઢેના એક સર્વેએ સમગ્ર દેશના હેલ્થકેર સેક્ટરમાં મોટો ભૂકંપ સર્જી દીધો છે.

આંકડાઓનો ભયાનક ખેલ: ૨,૮૪૧% સુધીનું આંધળું માર્જિન!

તુકારામ મુંઢે દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે હોસ્પિટલોમાં વપરાતી સામાન્ય તબીબી સામગ્રી (Medical Consumables) ની મૂળ ખરીદ કિંમત (Trade Price) અને તેના પર છપાયેલી મહત્તમ રિટેલ કિંમત (MRP) વચ્ચે હજારો ગણો તફાવત છે: આઈવી ઈન્ફ્યુઝન સેટ (સલાઈન ચડાવવાની નળી): જે પ્રોડક્ટ હોસ્પિટલને માત્ર ૧૧.૦૫ માં મળે છે, તેના પર MRP ૩૨૫ છાપીને દર્દીઓ પાસેથી ૨,૮૪૧% જેટલું અધધધ માર્જિન વસૂલવામાં આવે છે! ડિસ્પોઝેબલ સિરીંજ: જે સિરીંજની ખરીદ કિંમત માત્ર ૬.૭૫ છે, તેના પર MRP ૫૭.૨૦ છાપી દર્દીઓના ખિસ્સા સાફ કરાય છે.

કેથેટર (Catheter): હોસ્પિટલ માટે ખરીદ કિંમત ૨૯.૪૧, પરંતુ દર્દીના બિલમાં ભાવ સીધો ૩૧૦!

લાચાર દર્દી અને મેડિકલ માફિયાઓની મિલીભગત

હોસ્પિટલમાં એડમિટ થયેલો દર્દી કે તેનો પરિવાર એવા સંકટમાં હોય છે કે જ્યાં તે દવાની કે સિરીંજની કિંમતો સરખાવવા બહાર બજારમાં જઈ શકતો નથી કે હોસ્પિટલના બિલ સામે સવાલ ઉઠાવી શકતો નથી. ઉત્પાદકો (Manufacturers), વિતરકો અને હોસ્પિટલો આ સ્થિતિનો અમાનવીય ફાયદો ઉઠાવીને અંદરોઅંદર ઊંચી MRP નક્કી કરી લે છે. દવાઓ માટે સરકાર પાસે નિયંત્રણ કાયદા (DPCO) છે, પરંતુ આ મેડિકલ કન્ઝ્યુમબલ્સ અને ડિવાઈસ પર કોઈ કડક પ્રાઈસ કેપિંગ ન હોવાથી કાયદાકીય છટકબારીનો દુરુપયોગ થઈ રહ્યો છે.

કડક કાયદા અને કેન્દ્ર સરકાર પાસે તાત્કાલિક કાર્યવાહીની માગ

આ ખુલાસા બાદ તુકારામ મુંઢેએ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) અને ફાર્માસ્યુટિકલ્સ વિભાગને તાત્કાલિક ભલામણ મોકલી છે કે ખરીદ કિંમત અને એમઆરપી વચ્ચેના માર્જિન પર કાયદાકીય મર્યાદા (Permissible Limit) નક્કી કરવામાં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સ્પષ્ટ સૂર:

હોસ્પિટલ એ સારવારનું ધામ છે, લૂંટ ચલાવવાનો અડ્ડો નથી! જો સરકાર અને તંત્ર તાત્કાલિક કડક કાયદા બનાવીને આવી પ્રોડક્ટ્સ પર 'ટ્રેડ માર્જિન કેપિંગ' (Trade Margin Capping) નહીં લાવે, તો ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓનું લોહી ચૂસવાનું આ કૌભાંડ ક્યારેય બંધ નહીં થાય. સરકાર વહેલી તકે આવા ભેજાબાજ વેપારીઓ અને માફિયાઓ સામે લાલ આંખ કરે તે સમયની માગ છે!

# ફાયર NOC લાંચકાંડ: નામજોગ પર્દાફાશ બાદ પણ ફરી લાંચના ગંભીર આરોપો!

## ACB ની ઢીલી કાર્યવાહી સામે ઉઠ્યા અનેક સવાલો

જનતાના જીવ અને સંપત્તિની સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'ફાયર NOC' ના નામે ચાલતો ભ્રષ્ટાચારનો ખેલ અટકવાનું નામ નથી લઈ રહ્યો. ભૂતકાળમાં નામો સાથે પર્દાફાશ થયો હોવા છતાં, તંત્રના બેફામ બનેલા બાબુઓ ફરી એકવાર લાખો રૂપિયાની લાંચ માંગતા હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે. કાગળ પર દરોડા પાડતી એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની કામગીરી અને સરકારનું આશ્ચર્યજનક મૌન હવે પ્રજાના વિશ્વાસ પર સીધો પ્રહાર કરી રહ્યું છે.

ગોડફાધરોના જોરે બેફામ બનેલા બાબુઓ: ક્યારે બંધ થશે આ ગોરખધંધા?

ફાયર સેફ્ટીની એનઓસી મેળવવા માટે કાયદેસરના કાગળો અને તમામ પ્રક્રિયા પૂર્ણ કરી હોવા છતાં, માત્ર પોતાના ખિસ્સા ગરમ કરવા માટે અધિકારીઓ અરજદારોને ત્રાસ આપી રહ્યા છે.

ગોડફાધરોની છત્રછાયા: સંકુલ કે હોસ્પિટલ કે કોમર્શિયલ બિલ્ડિંગની સીલ મારવાની ધમકી આપીને લાખો રૂપિયાની લાંચ વસૂલવામાં આવે છે. ચર્ચા તો ત્યાં સુધી છે કે આ બાબુઓ પોતાના રાજકીય અને રાજકીય 'ગોડફાધરો' ના નામે ખુલ્લેઆમ હપ્તા વસૂલી કરી રહ્યા છે.

કાર્યવાહીના નામે માત્ર નાટક? લાંચકાંડમાં ઝડપાયેલા કે નામજોગ આરોપી બનેલા અધિકારીઓ સામે નક્કર કાયદાકીય કે ખાતાકીય પગલાં લેવાને બદલે તેમને છાવરવામાં આવે છે. પરિણામે, એક અધિકારી પકડાય તો તેના બદલે આવનાર નવો બાબુ પણ એ જ ભ્રષ્ટ માર્ગ અપનાવે છે.

સરકારની લાચારી કે મૌન સંમતિ? ઝીરો ટૉલરન્સની વાતો કરતી સરકારના નાકની નીચે જ લાખો રૂપિયાના વહીવટો થઈ રહ્યા છે, છતાં કોઈ જ કડક દાખલો બેસાડવામાં આવતો નથી.

પાક્કો ગુજરાતના તીખા સવાલો

૧. નામજોગ પુરાવાઓ અને ફરિયાદો હોવા છતાં કાળી કમાણી કરતા ફાયર વિભાગના અધિકારીઓ સામે દાખલારૂપ જેલની સજા કેમ નથી થતી?

૨. ભ્રષ્ટ બાબુઓને છાવરતા અને પાછલા બારણે સાચવતા તેમના 'ગોડફાધરો' પર કાયદાનો સકંજો ક્યારે કસાશે?

પાક્કો ગુજરાત ન્યૂઝની જનતાને અપીલ

ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની શરૂઆત આપણે પોતે જ કરવી પડશે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ગુજરાતના તમામ નાગરિકો, વેપારીઓ અને સંસ્થાચાલકોને ખુલ્લી અપીલ કરે છે:

'કોઈપણ સંજોગોમાં ફાયર NOC કે સરકારી કામકાજ માટે એક પણ રૂપિયો લાંચ તરીકે આપશો નહીં. ભ્રષ્ટ બાબુઓ સામે અવાજ ઉઠાવો, તેમની ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ કરો અને કાયદાકીય લડત આપો. જો જનતા લાંચ આપવાનું બંધ કરશે, તો જ આ રાક્ષસી ભ્રષ્ટાચારની કમર તૂટશે!'

# ધીમું ઝેર જનતાને માફક આવી ગયું છે...! 2014થી 2026 સુધી મધ્યમ વર્ગનું આર્થિક શોષણ: ગેસ, તેલ, શિક્ષણ કે વાહન... 12 વર્ષમાં એવી કઈ વસ્તુ છે જે સસ્તી થઈ?

સામાન્ય નાગરિકના ખિસ્સા પર મોંઘવારી, અદ્રશ્ય ચાર્જિસ અને ટેક્સનો એવો ગૂંચવાયેલો બોજ નાખી દેવામાં આવ્યો છે કે જેનો અહેસાસ જનતાને ધીમે ધીમે પણ ખૂબ ઊંડો થઈ રહ્યો છે. 'ધીમું ઝેર' આપવાની આર્થિક નીતિઓમાં દેશનો ગરીબ અને મધ્યમ વર્ગ સંપૂર્ણપણે પીસાઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૪ની સરખામણીએ ૨૦૨૬માં જનતાની આવકનો ગ્રાફ જ્યાંનો ત્યાં જ છે, જ્યારે ખર્ચનો ગ્રાફ આકાશને આંબી ગયો છે. મોટા દાવાઓ અને જાહેરાતોની ચમક-ધમક પાછળ સામાન્ય પરિવારનો કણસાટ અને આક્રંદ દબાઈ ગયા છે.

2014 વિરુદ્ધ 2026: જનતાના ખિસ્સા પર થયેલો તબક્કાવાર પ્રહાર

રસોડાની હોળી અને સબસિડીનો ખાતમો: ૨૦૧૪ પહેલા મળતી ગેસ સિલિન્ડરની સબસિડીઓ આજે કાગળ પર પણ શોધવી મુશ્કેલ છે. ખાદ્યતેલ, દૂધ, કઠોળ અને શાકભાજીના ભાવ બમણાથી ત્રણ ગણા થઈ ચૂક્યા છે. ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ઈંધણ અને વાહન વ્યવહાર: પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના ભાવમાં સતત અને તબક્કાવાર વધારો ઝીંકવામાં આવ્યો. ૨૦૧૪માં જે સામાન્ય ટુ-વ્હીલર કે સ્કૂટર ૫૦,૦૦૦ ની આસપાસ આરામથી મળી જતું હતું, તેની ઓન-રોડ કિંમત આજે ૧ લાખની સપાટી વટાવી ચૂકી છે. મોબાઈલ અને ડિજિટલ સેવાઓ: એક સમયે સસ્તા ડેટા અને ફ્રી કૉલિંગની આદત પાડ્યા પછી, હવે મોબાઈલ રિચાર્જ પ્લાન્સમાં મસમોટો વધારો કરાયો છે. ઈનકમિંગ સુવિધા ચાલુ રાખવા માટે પણ ફરજિયાત રિચાર્જ કરાવવાની નીતિઓથી સામાન્ય માણસ ઘેરાયો છે. બેંકિંગ સિસ્ટમ અને ટેક્સનો માર: બેંક ડિપોઝિટ કે એફડી (FD) પર મળતા વ્યાજદરોમાં મોટો ઘટાડો કરી દેવાયો છે. બીજી તરફ, મિનિમમ બેલેન્સ ના જાળવવા પર પેનલ્ટી, એસએમએસ ચાર્જિસ, એટીએમ ટ્રાન્ઝેક્શન ફી અને હવે યુપીઆઈ (UPI) ચાર્જિસ તથા ટેક્સની ચર્ચાઓ દ્વારા બેંકો અને સરકાર સામાન્ય નાગરિકના મહેનતના નાણાંમાંથી જ પોતાની તિજોરીઓ ભરી રહી છે. સવાલ એ ઊભો થાય છે કે - એવી કઈ એક પણ દૈનિક જરૂરિયાતની વસ્તુ છે જે ૨૦૧૪ કરતાં આજે ખરેખર સસ્તી થઈ હોય? આવક સ્થિર, ખર્ચ બમણો: જનતાને આર્થિક રીતે નિચોવી નાખવાની નીતિ! સવાલ માત્ર ભાવવધારાનો નથી, પરંતુ આવક અને ખર્ચ વચ્ચે વધતા જતા ભયાનક અસંતુલનનો છે. છેલ્લા એક દાયકામાં સામાન્ય નોકરિયાત, મજૂર કે નાના વેપારીની વાસ્તવિક આવકમાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી. તેની સામે કરિયાણું, બાળકોનું શિક્ષણ, દવાઓ, લાઈટબિલ અને અદ્રશ્ય જીએસટી (GST) નો બોજ પાંચ ગણો વધી ગયો છે. જનતા આ ધીમે ધીમે વધતા બોજને સહન કરતી રહી અને તંત્ર તેને જનતાની મૌન સંમતિ માનીને સતત નવા ટેક્સ અને ચાર્જિસ લાદતું ગયું. હવે પરિસ્થિતિ એ મોડ પર પહોંચી ગઈ છે જ્યાં મધ્યમ વર્ગ પાસે બચતના નામે કંઈ નથી બચ્યું અને તેને આર્થિક રીતે સંપૂર્ણપણે નિચોવી નાખવાની જ કસર બાકી રહી છે. પાક્કો ગુજરાતનો સણસણતો પ્રશ્ન આંકડાકીય વિકાસની ગુલબાંગો વચ્ચે શું સરકાર કે વિપક્ષ ક્યારેય ગરીબ અને મધ્યમ વર્ગના થાળી-રસોડા અને ખાલી થતાં ખિસ્સાની વાસ્તવિકતા તરફ નજર કરશે? જો આ મોંઘવારી અને અદ્રશ્ય ચાર્જિસનો બોજ આવી જ રીતે વધતો રહેશે, તો સામાન્ય નાગરિક માટે સન્માનપૂર્વક જીવવું દુષ્કર બની જશે. જાગો જનતા જાગો - તમારા મૌનને તમારી સંમતિ માનીને જ આ બોજ તમારા પર સતત લાદવામાં આવી રહ્યો છે!

# કેનેડામાં પંજાબી અને સાઉથ એશિયન ગેંગની સક્રિયતા

## કેલગરીમાં ભારતીય મૂળની 23 વર્ષીય કનુરિત કૌર સહિત 3 સામે ખંડણી અને ગોળીબારના સંગઠિત ગુનાઓ હેઠળ સકંજો!

વિદેશની ધરતી પર પોતાની મહેનતથી નામ કમાઈ રહેલા ભારતીય અને દક્ષિણ એશિયાઈ સમુદાય માટે કેનેડાથી અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કેનેડાના કેલગરી શહેરમાં સાઉથ એશિયન સમુદાયના ધનાઢ્ય અને પ્રભાવશાળી લોકોને નિશાન બનાવીને ચલાવવામાં આવી રહેલા હપ્તા વસૂલી (Extortion) અને ધમકીઓના કાળા કારોબારનો પોલીસે મોટો પર્દાફાશ કર્યો છે. આ ચોંકાવનારા કૌભાંડમાં ભારતીય મૂળના યુવક-યુવતીઓની સીધી સંડોવણી સામે આવતા સમગ્ર પ્રવાસી ભારતીય સમુદાયમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

વોટ્સએપ પર ધમકી, અંગત ડેટાનું સેલ અને ઘર બહાર તાબડતોબ ગોળીબાર!

કેલગરી પોલીસે હાથ ધરેલી ઊંડી તપાસમાં સામે આવ્યું છે કે માર્ચ મહિનામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. એક પીડિત મહિલાનું પૂરું નામ, રહેઠાણનું સરનામું અને તેના પરિવારના સભ્યોની તમામ ગુપ્ત વિગતો મેળવીને વોટ્સએપ (WhatsApp) પર જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. વ્યાપારી અને પરિવાર પાસેથી કરોડો રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. એટલું જ નહીં, દર્શાવેલા ભયને સાચો સાબિત કરવા માટે પીડિત મહિલાના ઘરની બહાર આડેધડ ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો! આરોપીઓની કાળી કરતૂત: ડેટા લીકથી લઈને મેસેજિંગ નેટવર્ક પોલીસ તપાસમાં સામે આવેલા મુખ્ય સૂત્રધારો અને તેમના ભાગ : કનુરિત કૌર (ઉંમર ૨૩ વર્ષ): ભારતીય મૂળની આ યુવતી પર પીડિતોનો અંગત ડેટા, સરનામા અને પરિવારની ગુપ્ત માહિતી ગેંગસ્ટરો સુધી પહોંચાડવાનો અને લીક કરવાનો ગંભીર આરોપ છે. ૧૭ વર્ષીય સગીર: આ ગુનાહિત નેટવર્કમાં સગીર વયના કિશોરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પર ધમકીભર્યા મેસેજ મોકલવા માટેનું ટેકનિકલ નેટવર્ક અને સુવિધા પૂરી પાડવાનો આરોપ છે. તનવીર સિંઘ (ઉંમર ૨૧ વર્ષ): આ ઘટનામાં સંડોવાયેલો ૨૧ વર્ષીય તનવીર સિંઘ હાલ પોલીસની પકડથી દૂર ફરાર છે, જેને પકડવા માટે પોલીસે ચારેય તરફ જાળ બિછાવી છે.



### ઓગસ્ટ-2026ની ક્રાઈમ કોન્ફરન્સમાં પ્રશંસાપત્ર એનાયત કરી પોલીસ અધિકારીઓ- કર્મચારીઓની કામગીરીને જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજાએ બિરદાવાઈ

# પોરબંદર જિલ્લામાં કાયદો- વ્યવસ્થા જાળવવામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ 34 પોલીસ કર્મચારીઓનું સન્માન

પોરબંદર ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્દઢ બનાવવા તેમજ ગુનાખોરી ઉપર અંકુશ મેળવવા માટે અસરકારક કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને જિલ્લા પોલીસ વડા ભગિરથસિંહ જાડેજા દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. પોરબંદર જિલ્લા પોલીસની ઓગસ્ટ-૨૦૨૬ માસની ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન જિલ્લા પોલીસ વડા ભગિરથસિંહ જાડેજા (IPS)ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્દઢ બનાવવા તેમજ આગામી સમયમાં આવનારા તહેવારો દરમિયાન ગુનાખોરી અટકાવવા અંગે વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ખાસ કરીને ગણેશ ચતુર્થી સહિતના તહેવારો તથા નવરાત્રિ જેવા તહેવારો દરમિયાન શરીર સંબંધી અને મિલકત સંબંધી ગુનાઓ ન બને તે માટે અસરકારક પગલાં લેવા, તડીપાર આરોપીઓ ઉપર નજર રાખવા, નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા, અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવા તેમજ ચોરી-ઘરફોડ ચોરીના ગુનાઓ અટકાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અંગે પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા, અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા અને ગાંજો તથા અન્ય નશાકારક પદાર્થોના વેચાણ-વિતરણ સામે કાર્યવાહી વધુ અસરકારક બનાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. ક્રાઈમ કોન્ફરન્સ દરમિયાન ઓગસ્ટ-૨૦૨૬માં ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવા, ચોરીનો મુદ્દામાલ પરત મેળવવા, ગુમ થયેલા બાળકોને શોધી પરિવારને સોંપવા તેમજ વિવિધ ગુનાઓમાં આરોપીઓને ઝડપી પાડવા બદલ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ કામગીરી બદલ કુલ ૩૪ પોલીસ અધિકારી/કર્મચારીઓને પ્રશંસાપત્ર એનાયત કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. જેમાં એલ.સી.બી., પોરબંદર શહેર તથા ગ્રામ્ય વિભાગના વિવિધ પોલીસ સ્ટેશનોના અધિકારીઓ-કર્મચારીઓનો સમાવેશ થાય છે. પ્રાપ્ત વિગતો મુજબ સન્માનિત પોલીસ કર્મચારીઓએ નાસતા ફરતા આરોપીઓની ધરપકડ, લાંબા સમયથી વણઉકેલાયેલા ગુનાઓ ડિટેક્ટ કરવા, NDPSના ગુનાઓમાં આરોપીઓને ઝડપી પાડવા, ઘરફોડ ચોરી તથા લૂંટના ગુનાઓ ઉકેલવા, ગુમ થયેલા બાળકોને શોધી પરિવાર સાથે મિલન કરાવવા તેમજ જાહેર સલામતી અને તહેવારો દરમિયાન કાયદો-વ્યવસ્થા જાળવવા જેવી કામગીરી કરી હતી. પ્રશંસાપત્ર મેળવનાર ૩૪ પોલીસ કર્મચારીઓની કામગીરીમાં એલ.સી.બી. ના પોલીસ હેડ કોન્સ્ટેબલ જિતુભાઈ રાજશીભાઈ દાસાએ મિયાણી મરીન પોલીસ સ્ટેશનના ગુનામાં NDPS એક્ટ હેઠળના ગુનામાં ૫ કિલો ૪૧૦ ગ્રામ ગેરકાયદેસર જથ્થો ઝડપવાના અનડીટેક્ટ ગુનાને ડિટેક્ટ કરી આરોપીને ઝડપી પાડવામાં મહત્વની કામગીરી તેમજ પોલીસ કોન્સ્ટેબલ અજ્ય ભાઈ લખમણભાઈ ચૌહાણ એ ઉપરોક્ત NDPSના અનડીટેક્ટ ગુનામાં આરોપીને ઝડપી પાડવામાં મહત્વની કામગીરી બદલ સન્માન કરેલ .

### ગાંધીનગરમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલનો આપઘાત

# "મારી દીકરી ચેતન કમાન્ડોના લીધે મરી, છતાં સેક્ટર-7 પોલીસ ફરિયાદ નથી નોંધતી!"

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કરતી અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રજાના રક્ષણ માટે વર્દી પહેરનારી એક મહિલા પોલીસ કોન્સ્ટેબલે આપઘાત કરી લેતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પરંતુ, આ ઘટનામાં સૌથી ઘાતક અને હૃદયદ્રાવક મોડ ત્યારે આવ્યો જ્યારે મૃતક મહિલા કોન્સ્ટેબલની માતાએ મીડિયા સમક્ષ આવીને ગાંધીનગર પોલીસની કાર્યપ્રણાલીના ધજાગરા ઉડાડ્યા! મૃતક મહિલા કોન્સ્ટેબલની પીડિત માતાએ ચોધાર આંસુએ ખુલાસો કરતા જણાવ્યું છે કે, 'મારી દીકરીએ ચેતન કમાન્ડોના ત્રાસ અને માનસિક ઉત્પીડનના કારણે જ આ અંતિમ પગલું ભર્યું છે!'




માતાનો આરોપ છે કે તેઓ પોતાની દીકરીને ન્યાય અપાવવા માટે ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ સ્થાનિક પોલીસ પોતાના જ ખાતાના આરોપી ચેતન કમાન્ડોને બચાવવા માટે ફરિયાદ નોંધવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહી છે. જે રાજ્યમાં ગૃહ વિભાગ પોતાની કડક છબીની વાતો કરે છે, ત્યાં પાટનગરમાં જ બનેલી આ ઘટનાથી પાયાના સવાલો ઊભા થાય છે.

### આદિવાસી સમાજમાં ભારે રોષ

# નસવાડી : 10 વર્ષથી ફાયર બ્રિગેડની સુવિધા નહીં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં છેલ્લા ઘણા વર્ષોથી ફાયર બ્રિગેડની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે આદિવાસી સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. નસવાડી તાલુકામાં કુલ 212 ગામો આવેલા છે અને મોટાભાગની વસ્તી આદિવાસી સમાજની છે. તેમ છતાં તાલુકા મથકે આગ જેવી ગંભીર પરિસ્થિતિમાં તાત્કાલિક મદદ મળી શકે તેવી ફાયર બ્રિગેડની વ્યવસ્થા આજદિન સુધી કરવામાં આવી નથી.



ફાયર બ્રિગેડની સુવિધા નહીં હોવાથી તાલુકાના કોઈ ગામમાં આગની ઘટના બને ત્યારે અન્ય તાલુકા અથવા નજીકના શહેરોમાંથી ફાયર બ્રિગેડ બોલાવવી પડે છે. આગ લાગ્યા બાદ ફાયર બ્રિગેડને ઘટનાસ્થળે પહોંચવામાં સમય લાગી જાય છે અને ત્યાં સુધીમાં આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે છે. બે દિવસ પહેલા નસવાડી તાલુકાના ગોયાવાંટ ગામે મકાનોમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગની ઘટનામાં મકાનો અને ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાએ ફરી એક વખત નસવાડી તાલુકામાં કાયમી ફાયર બ્રિગેડની જરૂરિયાતનો મુદ્દો ચર્ચામાં લાવી દીધો છે. આદિવાસી સમાજના લોકોનો આક્ષેપ છે કે નસવાડી તાલુકામાં દર વર્ષે કરોડો રૂપિયાના વિકાસના કામો થાય છે. વિવિધ વિકાસલક્ષી યોજનાઓ હેઠળ મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ લોકોના જીવ અને મિલકત બચાવવા માટે જરૂરી એવી ફાયર બ્રિગેડની સુવિધા માટે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સ્થાનિક લોકોનું કહેવું છે કે છેલ્લા દસ વર્ષથી ફાયર બ્રિગેડની માંગ કરવામાં આવી રહી છે. ચૂંટણી સમયે નેતાઓ દ્વારા ફાયર બ્રિગેડની સુવિધા ઉપલબ્ધ કરાવવાના વાયદા કરવામાં આવે છે, પરંતુ ચૂંટણી પૂર્ણ થયા બાદ આ મુદ્દો ફરી પાછળ ધકેલાઈ જાય છે.

આ મુદ્દે આદિવાસી સમાજના આગેવાનો અને ગ્રામજનોએ નસવાડી મામલતદારને આવેદનપત્ર આપી તાત્કાલિક ફાયર બ્રિગેડની સુવિધા ફાળવવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે જ્યારે કોઈ આદિવાસી પરિવારના ઘરમાં આગ લાગે છે ત્યારે પરિવારની વર્ષોની મહેનતની કમાણી અને ઘરવખરી આગમાં બળીને ખાખ થઈ જાય છે. પરિવાર પાસે ત્યારબાદ જાણે માથા ઉપર આકાશ અને પગ નીચે ધરતી સિવાય કંઈ રહેતું નથી.

### તીર્થધામ ચાણોદના શેષનારાયણ ટેકરા મંદિર

# માર્ગ પર ઠેર ઠેર ખાડા રસ્તો ખખડધજ – જાહેર માર્ગ પર ઝાડીઓ ભયજનક રીતે ધસી આવ્યા વિસ્તાર ના રહીશો દર્શનાથી ઓપરેશન

ચાણોદ, મુકેશ ખત્રી

ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ના શેષનારાયણ ટેકરા વિસ્તારમાં હાલ શ્રીગણેશ મહોત્સવ લાભેશ્વર યુવક મંડળ દ્વારા ૩૮ માં વર્ષ પારંપરિક. બની રહેલ શેષનારાયણ ટેકરા વિસ્તાર નો મહોત્સવ રંગેચંગે ભજન કીર્તન સાથે આરતી પૂજન અર્ચન સાથે સાર્વજનિક ઉત્સવ ની ઉજવણી કરાઈ રહી છે ત્યારે દર્શનાથી નો ધસારો જોવા મળી રહ્યો છે. પણ હાલ શેષનારાયણ ટેકરા વિસ્તાર નો માર્ગ અત્યંત ખખડધજ થય ગયો છે રસ્તા પર ઊંડા ઊંડા ખાડા પડી ગયેલ છે રસ્તા પર અજગર ભરડો લઈ ઝાડી ઝાંખરા એ સામ્રાજ્ય છવાયેલું છે





રસ્તા પર પસાર થતા લોકો ને કાંટાળા ઝાડી ઝાંખરા લોકોને વાગી રહ્યા છે આ રસ્તા પર સાપ અજગર ની અવરજવર ભુંડ ના ટોળા અવર જવર થી અકસ્માત સામે થી આવતા વાહન દેખાતા નથી પણ ચુંટાયેલા લોકપ્રતિનિધિ ઓની ઊંઘ ઉડી નથી. રસ્તા પરના ખાડા કોઈ ગંભીર અકસ્માત સર્જાઇ તે પહેલા પૂરવા જરૂરી છે.તેમજ રસ્તાપર ધસી આવેલ ઝાડી ઝાંખરા સ્તરે દૂરકરવા માંગ ઉઠી છે.વધૂમા વિસ્તાર માં પિવાના પાણી ની સમસ્યા સર્જાય રહી છે ગત રોજ થી પાણી ની સમસ્યા સર્જાઈ છે ગત રોજ સવારનું પાણી નહીં આવતા આજે પણ બપોર સુધી આવ્યું નથી. આવી વિસ્તારની પાણી ની લાઈન ની કુંડી નું ઢાંકણ બેસાડવામાં ગત વર્ષે ગધેડા પડી જતાં રજૂઆત પણ પાણી ના ભૂ સાબિત થઈ છે આ વિસ્તારમાં બ્લોક કામ પગથીયા રેલીગ આર સીસી તેમજ બોર પાણી ની લાઈન નું નવીનીકરણ સહિત સફાયો ના પ્રશ્ન બાબતે ધ્યાન લેવાતું નથી. શેષનારાયણ ટેકરા વિસ્તાર ના રહીશો દ્વારા મહીલા ઉમેદવાર ચુંટણી લાવ્યા પછી પણ સમસ્યા જેસેથે છે સરકારી તંત્ર મહીલાઓ ના ઉતેજન ની વાતો કરે પણ મહિલા સભ્ય ને ગ્રાન્ટ ફાળવવામાં ઉદાસીનતા જણાય રહી છે ચાણોદ ખાતે વાસ્મો ની પીવાના પાણીની લાઈન ચાલુ કરાવવા મા ઉપેક્ષા સેવાય રહી છે.

### અંબાજી ધામમાં આસ્થાનો અનાદર

# ભક્તોના દાનના નાણાંથી ભાજપનો રાજકીય જલસો 'કાયદેસર ચંદા ચોરી' સમાન!

અંબાજી

વિશ્વભરના કરોડો શ્રદ્ધાળુઓનું અપમાન કરતી ભાજપ સરકાર, ધાર્મિક પરંપરાઓ નેવે મૂકીને કલેક્ટર અને ટ્રસ્ટ દ્વારા આસ્થાનો વેપાર થઈ રહ્યો હોવાના ગંભીર આરોપો સાથે કોંગ્રેસે મોરચો માંડ્યો છે. ગરીબ અને મધ્યમવર્ગના શ્રદ્ધાળુઓ પોતાના આરાધ્ય મા અંબાના ચરણોમાં પેટ પાટા બાંધીને એક-એક રૂપિયો અર્પણ કરે છે. પરંતુ તે પવિત્ર દાનની રકમ પર રાજકીય રોટલા શેકાઈ રહ્યા હોવાનો આક્રોશ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાનના ૭૬ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અંબાજી મંદિરમાં યોજાયેલા ૭૬,૦૦૦ દીવાના દીપોત્સવ માટે મંદિરના ભંડારમાંથી રૂ. ૨૦ લાખનો મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આયોજનની આમંત્રણ પત્રિકામાં 'બનાસકાંઠા જિલ્લા ભાજપ' લખેલું હોવા છતાં, ૧૦,૦૦૦ કરોડથી વધુનું ભંડોળ ધરાવતી પાર્ટી પોતાના ખાતામાંથી ખર્ચ કરવાને બદલે મંદિરના પૈસા વાપરી રહી છે. મંદિરમાં તેલનો સંપૂર્ણ નિષેધ હોવા છતાં તેલનો ઉપયોગ કરાશે. આ ઉપરાંત, સાંજે ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી માતાજીના વિશ્રામનો સમય હોય છે, પરંતુ સાંજે ૫:૧૫ કલાકે ભાજપના કાર્યક્રમ માટે નિયમો તોડીને આસ્થા સાથે રમત રમાઈ રહી છે. રૂ. ૫૦ હજારથી વધુના કામ માટે ટેન્ડર ફરજિયાત હોવા છતાં લાખો રૂપિયાના કામો માત્ર ત્રણ ભાવપત્રક મગાવી માનીતી એજન્સી ('એક્સપર્ટ હોસ્પિટાલીટી')ને સોંપી દેવાયા હોવાની માહિતી સામે આવી છે.

### દેવગઢ બારિયામાં કોંગ્રેસના આંતરિક વિખવાદની ચર્ચા તેજ

# શહેર સંગઠનમાં ખેંચતાણ અને જૂથબંધીના અહેવાલો વચ્ચે રાજકીય વર્તુળોમાં અનેક સવાલો

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરની રાજનીતિમાં ફરી એકવાર કોંગ્રેસના શહેર સંગઠનને લઈને ચર્ચાઓ તેજ બની છે. કોંગ્રેસ પાર્ટીમાં અંદરખાને ચાલી રહેલા મતભેદો અને જૂથબંધીના કારણે સંગઠનની કામગીરી પર અસર પડી રહી હોવાની ચર્ચા સ્થાનિક રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ શહેર સંગઠનમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો હોવાની ચર્ચા છે. જોકે, આ દાવાઓ અંગે કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અથવા સંગઠન તરફથી સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી. તેથી હાલની ચર્ચાઓને રાજકીય સૂત્રો અને સ્થાનિક ચર્ચા તરીકે જોવી યોગ્ય રહેશે. થોડા સમય પહેલાં દેવગઢ બારિયા નગરના વિવિધ સ્થાનિક પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને જનતાના મુદ્દાઓને લઈને પાર્ટી સક્રિય જોવા મળી હતી. હવે સંગઠનની અંદર ચાલી રહેલી ખેંચતાણને કારણે જનતાના પ્રશ્નો પર એકજૂટ થઈને અવાજ ઉઠાવવાની ક્ષમતા પર અસર થઈ રહી છે કે કેમ તેવો સવાલ સ્થાનિક રાજકીય ચર્ચામાં ઉઠી રહ્યો જોકે, તાજેતરની દેવગઢ બારિયા નગરપાલિકા પેટાચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ બે-બે બેઠકો જીતી હતી. છ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપને બે બેઠકો મળી હતી. પરિણામે સ્થાનિક રાજકીય સમીકરણોમાં કોંગ્રેસની હાજરી નોંધપાત્ર રહી આ પરિસ્થિતિ વચ્ચે હવે ચર્ચાનો મુખ્ય મુદ્દો એ છે કે પેટાચૂંટણી બાદ મળેલા રાજકીય અવકાશનો કોંગ્રેસ સંગઠન કેટલો અસરકારક રીતે ઉપયોગ કરી શકે છે અને આંતરિક મતભેદો વચ્ચે સંગઠનને એકજૂટ રાખી શકે છે કે નહીં. સંગઠનના નિર્ણયોને લઈને પણ સવાલો દેવગઢ બારિયાની સ્થાનિક રાજનીતિમાં સંગઠનની દિશા અને નિર્ણય પ્રક્રિયા અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. અગાઉ અન્ય રાજકીય પક્ષોમાં કેટલાક વ્યક્તિઓની આસપાસ નિર્ણય પ્રક્રિયા કેન્દ્રિત રહેવાના આક્ષેપો અને તેના રાજકીય પરિણામોની ચર્ચા થતી રહી હવે કોંગ્રેસમાં પણ જો સંગઠનના મહત્વના નિર્ણયો મર્યાદિત વ્યક્તિઓ સુધી જ સીમિત રહેતા હોવાની કાર્યકરોમાં લાગણી ઊભી થાય.

# હનીટ્રેપ અને તોડબાજી કૌભાંડનો ધમાકેદાર પર્દાફાશ: સોશિયલ મીડિયાની ફેસબુક ફ્રેન્ડશિપ વેપારીને પડી ભારે!

ભાવનગર

સોશિયલ મીડિયા પર અજાણી રૂપલલનાઓ કે પ્રોફાઈલ સાથે આંધળો વિશ્વાસ મૂકીને મિત્રતા કરતા લોકો માટે આ અહેવાલ એક મોટો લાલબત્તી સમાન કિસ્સો છે! ભાવનગરમાં હાઈપ્રોફાઈલ તોડબાજ ગેંગની એક એવી ઘાતક અને મોડસ ઓપરેન્ડી સામે આવી છે, જેને સાંભળીને સારા સારા લોકોના હોશ ઊડી જશે. ફેસબુક પર પ્રેમજાળ અને મિત્રતા કેળવીને સાળંગપુર હનુમાનજીના દર્શનના નામે વેપારીને ફસાવી, રસ્તામાં નકલી ક્રાઈમ બ્રાંચના અધિકારી બની રૂ. ૩.૦૫ લાખનો તોડ કરનારી શાતિર ગેંગનો ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચે (LCB) પર્દાફાશ કરીને મહિલા સહિત ૩ આરોપીઓને જેલભેગા કરી દીધા છે. ભાવનગરના એક નિર્દોષ વેપારીને સોશિયલ મીડિયા મારફતે એક મહિલા સાથે પરિચય થયો હતો.

આ મહિલાએ પોતાની જાળમાં વેપારીને ફસાવીને ખૂબ જ ચાલાકીથી સાળંગપુર દર્શન કરવા જવા માટે રાજી કર્યો હતો.

વેપારી જ્યારે સાળંગપુર દર્શન માટે નીકળ્યો ત્યારે આ શાતિર ટોળકીના સાગરીતોએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ કારને અધવચ્ચે અટકાવી હતી.

કાર અટકાવીને ગેંગના સભ્યોએ પોતાની ઓળખ 'ક્રાઈમ બ્રાંચના અધિકારી' તરીકે આપી હતી. તેમણે વેપારીને ખોટા કેસમાં ફસાવી દેવાની અને ગોળી મારીને 'એન્કાઉન્ટર' કરી દેવાની સીધી ધમકીઓ આપી હતી!

### જાહેર સમસ્યાઓ અંગે તંત્રનું ધ્યાન દોરવા માંગ

# સાધલીમાં વાંદરા, કુતરા અને ભૂંડના ત્રાસ બાદ હવે રસ્તા પર ઘોડાઓનો અડ્ડો, ગ્રામજનોમાં રોષ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાની સાધલી ગ્રામ પંચાયત આર્થિક રીતે સધ્ધર છે અને તાજેતરમાં એક કરોડ 40 લાખના વિકાસ કામો થયાની વાતો થાય છે, પરંતુ બસ સ્ટેન્ડ પાસે, મુખ્ય બજારના ખાડાઓ, વેરાઈ માતાના પાછલા મુખ્ય માર્ગ પર ખાડાઓ અને પારાવાર ગંદકી થી ગામની આબરૂ ઓછી થાય છે. છતાં ચૂંટાયેલા સભ્યોને હવે માત્ર ત્રણ માસની મુદત બાકી હોવાથી કોઈ દરકાર નથી. સાધલી મુકામે એક વર્ષ પહેલા ભગવાન બિરસા મુંડા ની પ્રતિમાને મુખ્ય સર્કલ ઉપર સ્થાપના કરી, લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સર્કલ ઉપર આજે વહેલી સવારે બે ઘોડાઓ બિન્દાસ પણે ઘાસ ચરતા દેખાઈ આવ્યા હતા, જેના કારણે લોકોમાં અચરજ વ્યાપેલ હતું અને લોકો કહેતા હતા કે સાધલી ગામમાં હાલમાં પુષ્કળ વાંદરાઓ, અજાણ્યા કુતરાઓ, વિશાળ ભૂંડો નો ત્રાસ હતો, અને હવે આ જાહેર માર્ગ ઉપર ઘોડાઓ ઘાસ ચરતા જણાઈ આવે છે. સાધલીના તમામ જાહેર માર્ગો ઉપર ખાડાઓ પડી ગયા છે,જેમ કે બસ સ્ટેન્ડ ની આજુબાજુ, મેઈન રોડ પર, સરકારી દવાખાનાની બાજુમાં ગટર પર,



રેલવે બજાર અને બેંક બજારમાં જયાં પંચાયત દ્વારા સફાઈ પણ થતી નથી, વેરાઈ માતા મંદિર ની પાછળ નો મુખ્ય માર્ગ જેમાં સળિયા પણ બહાર નીકળી ગયા છે, અને કચરો ઉઘરાવવા ઉભા રહેતા ટ્રેક્ટર ની આજુબાજુ ખુલ્લેઆમ પડી રહેલો કચરો તથા તેની સામે આવેલા પશુઓને પીવાના પાણીના હવાળા પાસે પારાવાર ગંદકી વ્યાપેલ છે, આ તરફ કોઈ પણ ચૂંટાયેલા સભ્યો કે જન પ્રતિનિધિઓ નું ધ્યાન જતું નથી. તેના કારણમાં જાણવા મળ્યું હવે નવી પંચાયતની ચૂંટણી ત્રણ માસ પછી થનાર છે, જેથી આવા ખાડા - ખાબોચીંયાઓ પૂરવામાં કોઈને રસ નથી.

# પાલડી ઉપાશ્રયના જૈન ગુરુના નામે વેપારી સાથે 21.79 લાખની ઠગાઈ, આનંદનગર પોલીસે તેજસ શાહની કરી ધરપકડ!

અમદાવાદ

ઓનલાઈન સટ્ટા રમવાની તીવ્ર ટેવ અને ટૂંકા રસ્તે અમીર બનવાની ઘેલછા કેવી રીતે સારા ઘરના યુવકને ગુનેગાર બનાવી દે છે તેનો જ્વલંત અને ચકચારજનક કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે. આસ્થા અને ધર્મના નામે છળકપટ કરીને લાખો રૂપિયા સેરવી લેનારા ભેજાબાજ ઠગ સામે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં પોલીસે આરોપીને ઝડપી પાડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આનંદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી સત્તાવાર ફરિયાદ મુજબ, આરોપી તેજસ શાહે અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા જૈન ઉપાશ્રયના પૂજનીય જૈન ગુરુ મહારાજના નામનો દુરુપયોગ કરીને ઠગાઈનું ભયાનક ષડયંત્ર રચ્યું હતું. દાનના નામે રૂપિયા પડાવ્યા: આરોપીએ વેપારી મયુર શાહનો સંપર્ક કર્યો હતો. તેણે પોતાને જૈન ગુરુ મહારાજનો સેવક કે પ્રતિનિધિ બતાવીને ધાર્મિક કાર્ય તથા દાન કરવાના નામે વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. શ્રદ્ધા અને આસ્થાના નામે મયુર શાહ પાસેથી તબક્કાવાર કુલ ૨૧.૭૯ લાખ જેવી મોટી રકમ પડાવી લીધી હતી.

# આણંદની ઝાયડસ હોસ્પિટલમાં મોટો રિપોર્ટ ગોટાળો

## દર્દી એક, ટ્રીટમેન્ટ બીજાની! તબીબોની ગંભીર બેદરકારી સામે પરિવારે મચાવ્યો હોબાળો

આણંદ

ચરોતરના મધ્યસ્થ મથક આણંદમાં આવેલી પ્રખ્યાત ઝાયડસ હોસ્પિટલ (Zydus Hospital) ફરી એકવાર વિવાદના વંટોળમાં સપડાઈ છે. આરોગ્ય ક્ષેત્રે મોટા દાવા કરતી આ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલની ઘોર બેદરકારી અને મોટી લાપરવાહી સામે આવી છે. હોસ્પિટલના જવાબદાર સ્ટાફ અને તબીબો દ્વારા દર્દીના મેડિકલ રિપોર્ટની અદલાબદલી કરી નાખવામાં આવતા દર્દીના જીવ પર જોખમ ઊભું થયું હોવાનો ગંભીર આક્ષેપ પરિવારે કર્યો છે.

મળતી વિગતો અનુસાર, નાપા ગામના વતની મહંમદખાન રાણા નામના દર્દીને ગંભીર હાલતમાં કે સારવાર અર્થે આણંદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પરિવારજનોનો સીધો અને ગંભીર દાવો છે કે, દર્દી મહંમદખાન રાણાને હોસ્પિટલના સ્ટાફ દ્વારા આણંદના જ અન્ય દર્દી 'મહંમદ શરીફ' ના નામના રિપોર્ટના આધારે



સારવાર આપવામાં આવી રહી હતી!

જ્યારે પરિવારજનોએ દર્દીની મેડિકલ ફાઈલની તપાસ કરી ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. મહંમદખાન રાણાની ફાઈલમાંથી અન્ય દર્દી 'મહંમદ શરીફ'ના ૩૩ જેટલા મેડિકલ રિપોર્ટ મળી આવ્યા હતા. પોતાના દર્દીની ફાઈલમાં બીજા દર્દીના રિપોર્ટ જોઈને પરિવારજનો દંગ રહી ગયા હતા અને હોસ્પિટલ તંત્ર સામે ભારે વિરોધ નોંધાવીને હોબાળો મચાવ્યો હતો. પરિવારે આક્ષેપ કર્યો છે કે, જો બીજા દર્દીના રિપોર્ટના આધારે ખોટી દવા કે ટ્રીટમેન્ટ આપી દેવાઈ હોત અને દર્દીને કંઈપણ અનિચ્છનીય બનાવ બન્યો હોત તો તેનો જવાબદાર કોણ હોત? પરિવારજનોએ સમગ્ર મામલે આણંદ જિલ્લા આરોગ્ય તંત્ર, પોલીસ અને હોસ્પિટલ સંચાલકો સમક્ષ ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર ડોકટરો અને સ્ટાફ સામે આકરા પગલાં ભરવાની ચીમકી સાથે માંગ કરી છે.

લાપરવાહી કે મોટું કૌભાંડ? એક જ નામ ધરાવતા કે અન્ય દર્દીઓના રિપોર્ટમાં આટલી મોટી ભૂલ કેવી રીતે થઈ શકે?



### લગ્નેતર સંબંધો પર તનિષા મુખર્જીનો મોટો ધડાકો

# પરિણીત પુરુષો સાથે સંબંધ બાંધતી મહિલાઓ સામે આકરો રોષ વ્યક્ત કર્યો

મુંબઇ

બોલીવૂડ એક્ટ્રેસ કાજોલની બહેન અને એક્ટ્રેસ તનિષા મુખર્જી ભલે ફિલ્મો અને લાઈમલાઈટથી દૂર રહી હતી હોય પરંતુ તે પોતાના બેબાક અંદાજ અને સ્પષ્ટ વક્તવ્ય માટે જાણીતી છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન તનિષાએ લગ્નેતર સંબંધો અને પરિણીત પુરુષો સાથે સંબંધ બાંધતી મહિલાઓ સામે આકરો રોષ વ્યક્ત કર્યો છે. તનિષાએ આવા સંબંધોને કોઈપણ પત્નીના આત્મસન્માન પર મોટો પ્રહાર ગણાવ્યો છે. તનિષાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે લગ્ન જેવા પવિત્ર બંધનમાં હોવા છતાં અન્ય મહિલા તરફ આકર્ષાતા પુરુષો ચરિત્રહીન હોય છે, અને જે સ્ત્રીઓ જાણીજોઈને પરિણીત પુરુષો સાથે સંબંધ રાખે છે તેઓ અન્ય મહિલાના ઘર અને સન્માન સાથે અન્યાય કરે છે. તનિષાએ જણાવ્યું કે જ્યારે કોઈ મહિલા જાણતી હોય કે સામેનો પુરુષ પહેલેથી જ પરિણીત છે, છતાં તેની સાથે સંબંધ બાંધે છે, ત્યારે તે એક પત્ની અને અન્ય મહિલાના અસ્તિત્વનું ઘોર અપમાન કરે છે. સ્ત્રી-સશક્તિકરણની વાતો વચ્ચે બીજી મહિલાનું ઘર તોડવું કે તેના અધિકાર પર તરાપ મારવી એ કોઈ પણ રીતે યોગ્ય ઠેરવી શકાય નહીં. તનિષાએ માત્ર મહિલાઓ પર જ નહીં પરંતુ પરિવાર અને પત્નીને દગો આપનારા પુરુષો સામે પણ આકરા પ્રહારો કર્યા. તેણે કહ્યું કે જે પુરુષ પોતાના જીવનસાથી પ્રત્યે વફાદાર રહી શકતો નથી, તેનું કોઈ ચરિત્ર હોતું નથી. સામાન્ય રીતે આવા મામલાઓમાં માત્ર બીજી મહિલાને દોષિત ગણવામાં આવે છે, પરંતુ ખરી જવાબદારી એ પરિણીત પુરુષની છે જેણે સાત ફેરા લઈને પત્નીને જીવનભર સાથ આપવાનું વચન આપ્યું હતું. વાત કરીએ તનિષાના ફિલ્મી કરિયરની તો 2003માં ફિલ્મ શ...થી તેણે બોલીવૂડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે કરણ નાથ અને ડિનો મોરિયા પણ જોવા મળ્યા હતા. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કંઈ સારું પર્ફોર્મ કરી શકી નહોતી. ત્યાર તનિષાએ સરકાર, નીલ એન નિક્કી, અને તમિળ ફિલ્મ ઉન્નાલે ઉન્નાલે જેવી ફિલ્મોમાં કર્યું હતું. ફિલ્મો સિવાય તનિષાએ રિયાલિટી શોના માધ્યમથી પણ પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી જેમ કે બિગ બોસ, ફિયર ફેક્ટર, ઝલક દિખ લા જા જેવા શોનો સમાવેશ થાય છે. છેલ્લે 2024માં તનિષા લવ યુ શંકરમાં જોવા મળી હતી.

**સ્ત્રી-સશક્તિકરણની વાતો વચ્ચે બીજી મહિલાનું ઘર તોડવું કે તેના અધિકાર પર તરાપ મારવી એ કોઈ પણ રીતે યોગ્ય ઠેરવી શકાય નહીં**

# બૉલીવુડમાં પ્રીતિ ઝિન્ટાનું ધમાકેદાર કમબેક

### પ્રીતિ ઝિન્ટાએ ખુલાસો કર્યો હતો કે 'વાઇબ' સાથે તેની સફર ફરહાન અખ્તરના એક ફોન કોલથી શરૂ થઈ હતી



મુંબઇ

બોલીવુડની જાણીતી અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ મોટા પડદા પર કમબેક કરી લીધું છે. પ્રીતિ ઝિન્ટા, સની દેઓલની ફિલ્મ 'બટવારા'માં જોવા મળી હતી અને તેના અભિનયની પ્રશંસા પણ થઈ હતી. હવે તે કોમેડી ફિલ્મ 'વાઈબ'માં પણ જોવા મળવાની છે. તાજેતરમાં અભિનેત્રીએ જણાવ્યું હતું કે તેણે આ ફિલ્મ શા માટે સાઈન કરી અને કેવી રીતે તે આ પ્રોજેક્ટનો ભાગ બની હતી. પ્રીતિ ઝિન્ટાએ ખુલાસો કર્યો હતો કે 'વાઈબ' સાથે તેની સફર ફરહાન અખ્તરના એક ફોન કોલથી શરૂ થઈ હતી. ત્યાર બાદ ડિરેક્ટર કુણાલ ખેમુએ ફિલ્મનું નેરેશન આપ્યું, જેમાં હ્યુમર અને એક્શનના મિશ્રણે પ્રીતિનું ધ્યાન તરત જ ખેંચી લીધું હતું. આ સમગ્ર ઘટનાને યાદ કરતાં પ્રીતિ ઝિન્ટાએ કહ્યું, 'મને ખબર હતી કે આ એક રસપ્રદ સ્ક્રિપ્ટ હશે, કારણ કે ફરહાન અખ્તરે મને ફોન કર્યો હતો. મને લાગે છે કે તેમને સ્ક્રિપ્ટ વિશે ખબર હતી. તેમણે કહ્યું કે આ ખૂબ સારી સ્ક્રિપ્ટ છે. તો મેં કહ્યું કે ઠીક છે, મને સંભળાવો.' અભિનેત્રીએ જણાવ્યું હતું કે તે સમયે તેને ખબર નહોતી કે કુણાલ ખેમુએ 'મડગાંવ એક્સપ્રેસ'નું દિગ્દર્શન કર્યું હતું. આખરે કઈ બાબતે તેણે 'વાઈબ' માટે હા કહેવા પ્રેરિત કરી? આ અંગે પ્રીતિ ઝિન્ટાએ કહ્યું, 'મેં સ્ક્રિપ્ટ સાંભળી અને મને તે ખૂબ જ મજેદાર લાગી હતી. હું તેમાં એક્શન હોવાને લઈને પણ ઉત્સાહિત હતી. મારા માટે હંમેશાં વાર્તા મહત્વની હોય છે અથવા મને કોઈ ફિલ્મની વાઈબ પસંદ આવવી જોઈએ. મને લાગ્યું કે આ મજેદાર લાગી રહી છે.' 'વાઈબ'માં પ્રીતિ ઝિન્ટા 'મેડમ એચ' નામની એક સુપર સ્પાયની ભૂમિકા ભજવી રહી છે. ફિલ્મમાં તે કુણાલ ખેમુ અને સ્પર્શ શ્રીવાસ્તવના પાત્રોને એક ગુપ્ત મિશન માટે તૈયાર કરતી જોવા મળશે. ફિલ્મમાં પ્રીતિએ અનેક એક્શન સિક્વન્સ પણ કર્યા છે, જેને લઈને તે ખૂબ જ ઉત્સાહી છે.

# નયનતારાનો દેવી અવતાર! 'મહાશક્તિ'નું ટિઝર રિલીઝ

### સાઉથના જ સુપરસ્ટાર યશ સાથે સ્ક્રિન શૅર કર્યા બાદ હવે તે લીડરોલમાં નવા અંદાજમાં દેખાશે

મુંબઇ

આસ્થા અને ભક્તિના રંગની રંગોળી કરનારી ફિલ્મ 'હનુમાનઅંશ' જોરદાર રીતે સફળ સાબિત થઈ છે. આ સફળતા બાદ આધ્યાત્મને વેગ આપતી નવી એક ફિલ્મ આવી રહી છે, જેમાં સાઉથની સુપરસ્ટાર નયનતારા દેવીના અવતારમાં જોવા મળશે. મુકુથી અમ્મનના રૂપમાં તે ફરીવાર સ્ક્રિન પર જોવા મળશે. સાઉથના જ સુપરસ્ટાર યશ સાથે સ્ક્રિન શૅર કર્યા બાદ હવે તે લીડરોલમાં નવા અંદાજમાં દેખાશે. 'મહાશક્તિ' નામની એક ફિલ્મ આવી રહી છે. આ ફિલ્મનું ટિઝર પણ રિલીઝ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ વર્ષ 2020માં આવેલી ફિલ્મ મુકુથી અમ્મનની સિક્વલ ફિલ્મ છે. આ ફિલ્મે પણ દર્શકોનું દિલ જીતી લીધું હતું. આ જ ફિલ્મની હિન્દી સિક્વલમાં હવે વાર્તામાં કંઈક નવું જોવા મળી શકે છે. મેકર્સે અઢી મિનિટનું ટિઝર રિલીઝ કર્યું છે. જે રૂવાડા ઊભા કરી દે છે. ટિઝર જોયા બાદ ફેન્સ આ ફિલ્મના વીડિયો પર બાહુબલી ફિલ્મનો એક ટેગ આપી રહ્યા છે. 'મહાશક્તિ'ના ટિઝરમાં દમદાર વિઝ્યુઅલ ઈફેક્ટ જોવા મળે છે. સીમ દમદાર છે અને દરેક ફ્રેમમાં નયનતારાના એક બેસ્ટ એક્સપ્રેશન જોવા મળે છે. દમદાર અને પ્રભાવશાળી એન્ટ્રી સાથે નયનતારા ફરીવાર સ્ક્રિન પર છવાઈ જશે. સ્ટોરી કેન્વાસ કરતા પણ લાર્જ થાય અને ઈફેક્ટને કારણે ફિલ્મ અલગ પડે એવી પૂરી શક્યાઓ છે. ફિલ્મમાં ખાસ પ્રકારની વિઝ્યુઅલ ટ્રિટમેન્ટ કરવામાં આવી છે. 'મહાશક્તિ' કોઈ સાઉથની ફિલ્મની બેઠી કોપી નહીં હોય પણ વાર્તાને વિસ્તાર આપતી ફિલ્મ હશે. આ ફિલ્મ પાંચ ભાષામાં રિલીઝ થવાની છે. હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં ફિલ્મ આવી રહી છે. ઉત્તર ભારતમાં ફિલ્મ ડિસ્ટ્રીબ્યુશનને લઈ વાત ચાલી રહી છે. મહાશક્તિના ટિઝરે ફરીવાર આધ્યાત્મના વિષયને વેગ આપી દીધો છે. સનાતન ધર્મની એક અલગ કહાની અને શાસ્ત્રો સાથે જોડાયેલી વાત ફરીવાર જોવા મળશે. એક્શન સિક્વન્સ સાથે એક એક નવા ફ્લેવરમાં સ્ક્રિન તૈયાર થયેલી દેખાશે. આ માટે નયનતારાએ પણ સારી એવી મહેનત કરી હોવાનું ટિઝરમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. દેવીના અવતારમાં નયનતારાનો લૂક પણ સારો લાગી રહ્યો છે. ફેન્સને પણ આ લૂક પસંદ પડી રહ્યો છે. સૂત્રોમાંથી વિગત એવી મળી છે કે, 'ટોક્સિક' પહેલા જ આ ફિલ્મનું પ્લાનિંગ થઈ ગયું હતું.






# બી પ્રાકના દર્દભર્યા અવાજમાં સંભળાશે 'ઇશ્ક કા ગુલામ', 'પ્રેમ કીટાણુ'નું નવું ગીત રિલીઝ

### પ્રેમ અને દિલ તૂટવાની મોસમ ફરી એકવાર પાછી આવી છે અને આ જ લાગણી 'પ્રેમ કીટાણુ'ના નવા ગીત 'ઇશ્ક કા ગુલામ'માં અનુભવી શકાય છે

મુંબઇ

પ્રેમ અને દિલ તૂટવાની મોસમ ફરી એકવાર પાછી આવી છે અને આ જ લાગણી 'પ્રેમ કીટાણુ'ના નવા ગીત 'ઈશ્ક કા ગુલામ'માં અનુભવી શકાય છે. આ ગીત પ્રેમના એ પાસાને સામે લાવે છે, જેમાં લાગણીઓ સાથે ખાલીપો, દર્દ અને અધૂરી યાદો પણ જોડાયેલી હોય છે. આ ગીતને બી પ્રાક અને સુકૃતિ કક્કરે પોતાનો અવાજ આપ્યો છે. તેનું સંગીત ધ રિશે તૈયાર કર્યું છે, જ્યારે ગીતના બોલ કુણાલ વર્માએ લખ્યા છે. બંને સિંગર્સનો દમદાર અવાજ અને દિલને સ્પર્શી જાય એવા શબ્દો 'ઈશ્ક કા ગુલામ'ને એવું ગીત બનાવે છે, જે સીધું દિલ સુધી પહોંચે છે અને તૂટેલા દિલની ટીશ પણ અનુભવ કરાવે છે. ગીત વિશે વાત કરતાં બી પ્રાક કહે છે, "પ્રેમ કીટાણુના 'ઈશ્ક કા ગુલામ'નો ભાગ બનવું મારા માટે ખૂબ જ ખાસ અનુભવ છે. આ ગીત દ્વારા પ્રેમની સફરને તેના સંપૂર્ણ અહેસાસ સાથે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જ્યાં પ્રેમ પછી દિલ તૂટવાનું દર્દ અને તેની સાથે જોડાયેલું દુઃખ પણ આવે છે. 'ઈશ્ક કા ગુલામ' તમને વારંવાર એ દર્દનો અહેસાસ કરાવશે, પરંતુ સાથે જ આશા અને પ્રેમને ફરીથી અનુભવવાનું કારણ પણ આપશે." 'ઈશ્ક કા ગુલામ' પ્રેમ બાદ રહી જતાં ખાલીપા અને એવી યાદોને ખૂબ જ સુંદર રીતે વ્યક્ત કરે છે, જે ઈચ્છા હોવા છતાં ભૂંસી શકાતી નથી. બી પ્રાકનો ઊંડો અને ભાવુક અવાજ આ લાગણીને વધુ અસરકારક બનાવે છે. 'અંડી બંડી', 'કહો તો' અને 'તૂ મેરા રઈયો' બાદ 'ઈશ્ક કા ગુલામ' ફિલ્મની રોમેન્ટિક કહાનીમાં એક વધુ ભાવુક પરત ઉમેરે છે. આ ગીત ઝી મ્યુઝિક કંપનીની યુટ્યુબ ચેનલ અને તમામ મ્યુઝિક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પર રિલીઝ થઈ ચૂક્યું છે. ફિલ્મના આલ્બમમાં કુલ સાત ગીતો છે, જેમાં સચેત ટંડન, પરંપરા ટંડન, બી પ્રાક, અરમાન મલિક, પાપોન, જુબિન નૌટિયાલ, મધુર શર્મા, અલ્તમશ ફરીદી, શશિ સુમન અને બૃજેશ શાંડિલ્ય જેવા જાણીતા સિંગર્સના અવાજ સાંભળવા મળશે.

# દિગ્ગજ અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયાની હૃદયસ્પર્શી ફિલ્મ 'જિંદગી વન્સ મોર'નું હવે ઓટીટી પર ધમાકેદાર આગમન!

અમદાવાદ

ગુજરાતી સિનેમાના મલ્ટીપ્લેક્સ અને થિયેટરોમાં ધૂમ મચાવ્યા બાદ, સિદ્ધાર્થ રાંદેરિયા અભિનીત સુપરહિટ અને ભાવનાત્મક ફિલ્મ 'જિંદગી વન્સ મોર' હવે ડિજિટલ પ્લેટફોર્મ પર દર્શકોના દિલ જીતવા માટે તૈયાર છે. ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ થિયેટરોમાં રિલીઝ થયેલી આ ચર્ચિત ફિલ્મનું આજે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬થી પ્રખ્યાત ઓટીટી પ્લેટફોર્મ 'શેમારૂમી' (ShemarooMe) પર




એક્સક્લુઝિવ પ્રીમિયર થવા જઈ રહ્યું છે. ધર્મા પ્રોડક્શન્સનું ઐતિહાસિક પદાર્પણ કરણ જોહરના સુપ્રસિદ્ધ બેનર 'ધર્મા પ્રોડક્શન્સ' માટે આ ફિલ્મ અત્યંત ખાસ છે, કારણ કે ધર્મા પ્રોડક્શન્સે પ્રેઝન્ટર અને ડિસ્ટ્રીબ્યુટર તરીકે આ ફિલ્મ મારફતે પ્રથમ વખત ગુજરાતી સિનેમામાં પ્રવેશ કરીને નવો ઈતિહાસ રચ્યો છે. વાર્તાકાર ફિલ્મ્સ દ્વારા નિર્મિત અને વસુ ધોળકિયા દ્વારા પ્રોડ્યુસ કરાયેલી આ ફિલ્મ કૌટુંબિક સંબંધો, ત્યાગ અને પિતા-પુત્રના અણસ્પર્શ્યા લાગણીશીલ સંબંધોને વાચા આપે છે. બીજી તક અને પિતાની શાંત શક્તિની અદભુત વાર્તા ફિલ્મની વાર્તા મુખ્યત્વે જીવનમાં મળતી 'બીજી તક' અને પિતૃત્વના અણકહ્યા પ્રકરણો પર આધારિત છે. પરિવારમાં હંમેશા મજબૂત અને શાંત દેખાતા પિતા પોતાના સપનાઓનો ત્યાગ કરીને સંતાનો માટે શું-શું ભોગ આપે છે, તે આ ફિલ્મમાં આબેહૂબ વણી લેવાયું છે. સિદ્ધાર્થ રાંદેરિયાનો પ્રતિભાવ: મુખ્ય ભૂમિકા ભજવતા દિગ્ગજ કલાકાર સિદ્ધાર્થ રાંદેરિયાએ જણાવ્યું કે, 'પિતાના મૌન પાછળ છુપાયેલી શાંત શક્તિને પડદા પર જીવંત કરવાનો આ અનુભવ ખૂબ જ સ્પર્શી જાય તેવો હતો.

### હોટલ-બસ ન મળી, ભૂખ્યા-તરસ્યા ભટક્યા; ઘોડાના ઘાસચારાના પણ ફાંફા!

# એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ રઝળી પડ્યા

નાગોયા

જાપાનના નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ પહેલાં ભારતીય ખેલાડીઓ મુશ્કેલીમાં મુકાયા છે. રોઈંગ અને શૂટિંગ ટીમને એરપોર્ટ પર રહેઠાણ અને એક્રેડિટેશનની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. કેટલાક ખેલાડીઓના નામ ગાયબ હતા, તો કોચ સમરેશ જંગનું એક્રેડિટેશન પણ માન્ય નહોતું. બીજી તરફ, ઘોડેસવારીના ખેલાડીઓને ઘોડાના ખર્ચ જાતે ઉઠાવવા જણાવાયું છે. વહીવટી અરાજકતાથી ખેલાડીઓ ચિંતિત છે. જાપાનના નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સ પહેલાં ભારતીય ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફની અણધારી મુશ્કેલીઓ સામે આવી છે. રોઈંગ અને




શૂટિંગ દળને એરપોર્ટ પર પહોંચ્યા બાદ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મોટાભાગના રોઈંગ સ્ક્વોડના ખેલાડીઓ રહેઠાણ વગર અટવાયા હતા, જ્યારે કેટલાકના નામ એક્રેડિટેશન સિસ્ટમમાંથી ગાયબ હતા. પૂનમ, અલીના એન્ટો અને અંશિકા ભારતી જેવા નામો રજીસ્ટર ન હોવાનું સામે આવ્યું હતું. કેથે પેસિફિક દ્વારા ખેલાડીઓના ઓર્સ (ચપ્પુ) ચેક-ઈન કરવાની ના પાડવામાં આવી હતી, જે બાદમાં દિલ્હી મોકલવામાં આવ્યા હતા. શૂટિંગ દળના સભ્યોને પણ મંગળવારે રાત્રે નાગોયા એરપોર્ટ પર ટ્રાન્સપોર્ટ માટે આશરે 3 કલાક સુધી રાહ જોવી પડી હતી અને તેઓ રાત્રે લગભગ 4 વાગ્યે હોટેલ પહોંચ્યા હતા. સૌથી મોટો ઝટકો પિસ્તોલ શૂટિંગના હેડ કોચ સમરેશ જંગને લાગ્યો હતો. જેમનું એક્રેડિટેશન ખેલાડીઓની એરેનામાં પ્રવેશ માટે માન્ય નહોતું. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં નવું એક્રેડિટેશન મળવાની આશા છે, જે ભારતના મેડલની શક્યતાઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

## સગાઈના ગણતરીના મહિનાઓમાં જ પૃથ્વી શૉ અને આકૃતિ અગ્રવાલનું બ્રેકઅપ

મુંબઇ

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર આકૃતિ અગ્રવાલના સંબંધોનો અંત આવ્યો છે. માર્ચમાં સગાઈ કરનાર આ જોડીના અલગ થવાની સત્તાવાર માહિતી ગુરુવારે આકૃતિએ આપી. તેણે ઈન્સ્ટાગ્રામ પરથી સગાઈની તસવીરો હટાવી, પૃથ્વીને અનફોલો પણ કર્યો. ભવિષ્યના અલગ લક્ષ્યો અને સંજોગોને કારણે આ નિર્ણય લેવાયો હોવાનું આકૃતિએ જણાવ્યું.

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ અને જાણીતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર આકૃતિ અગ્રવાલે પરસ્પર સંમતિથી પોતાના સંબંધોનો અંત આણવાનો મોટો નિર્ણય લીધો છે. ચાલુ વર્ષના માર્ચ મહિનામાં સગાઈ કરનારા આ જોડીના અલગ થવાની સત્તાવાર માહિતી ગુરુવારે ખુદ આકૃતિએ આપી હતી. તેણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી સગાઈની તમામ તસવીરો હટાવી દીધી છે અને પૃથ્વી શૉને અનફોલો પણ કરી દીધો છે. પોતાના સત્તાવાર નિવેદનમાં આકૃતિએ સ્પષ્ટતા કરી કે તેમના ભવિષ્યના લક્ષ્યો અને સંજોગો એકબીજાથી તદ્દન અલગ હોવાથી તેમણે આ આકરો માર્ગ પસંદ કરવો પડ્યો છે. અત્યંત ભારે હૈયે વાત શેર કરતાં તેણે ઉમેર્યું કે ભલે તેઓ એકબીજાને ખૂબ પ્રેમ અને આદર આપતા હોય.

### અજિત અગરકરની વિદાય નક્કી

## ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટરની રેસમાં પાર્થિક પટેલનું પણ નામ

નવી દિલ્હી

BCCI ના ચીફ સિલેક્ટર અજીત આગરકરનો કાર્યકાળ આ જ મહિને પૂરો થઈ રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, તેમને કાર્યકાળમાં એક્સટેન્શન મળવાની શક્યતા ઓછી છે. BCCI ની વાર્ષિક સામાન્ય સભા શુક્રવારે યોજાવાની છે, જ્યારે આગરકરે બુધવારે મળેલી પસંદગી બેઠકની અધ્યક્ષતા કરી લીધી હતી. તેમની અધ્યક્ષતાવાળી સિલેક્શન કમિટીએ વેસ્ટ ઈન્ડીઝ સામેની વાઈટ-બૉલ સીરિઝ અને ઈરાની ટ્રોફી માટે ટીમની જાહેરાત કરી હતી. આગરકરના કાર્યકાળમાં ભારતે જીત્યા 3 ખિતાબ પૂર્વ ફાસ્ટ બોલર અજીત આગરકરને જુલાઈ 2023 માં ટીમ ઈન્ડિયાની સિલેક્શન કમિટીના ચેરમેન



બનાવવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ટીમ ઈન્ડિયાએ 2024 માં T-20 વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી પોતાના નામે કરી હતી. આ ઉપરાંત, ટીમ ઈન્ડિયા 2023 ના વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં પણ પહોંચી હતી. ભારતીય ક્રિકેટમાં બદલાવ લાવવાની દ્રષ્ટિએ તેમનો આ કાર્યકાળ અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યો છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, પૂર્વ વિકેટકીપર પાર્થિવ પટેલ અને પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝા અજીત આગરકરની જગ્યા લેવા માટે રેસમાં સૌથી આગળ છે. આ બંને પૂર્વ ખેલાડીઓ IPL માં 3-3 વખત ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે. પાર્થિવ પટેલે ભારત માટે 25 ટેસ્ટ, 38 વનડે અને 2 T-20 ઈન્ટરનેશનલ રમીને 1700 થી વધુ રન બનાવ્યા છે, જ્યારે પ્રજ્ઞાન ઓઝાએ 24 ટેસ્ટ, 18 વનડે અને 6 T-20 ઈન્ટરનેશનલ રમીને 140 થી વધુ વિકેટ ઝડપી છે.

## ભારત-વેસ્ટ ઈન્ડિઝ જંગ: 5 સ્ટાર ખેલાડીઓની વાપસી

### શુભમન ગિલ વન-ડે કેપ્ટન અને શ્રેયસ અય્યર T20 કેપ્ટન રહેશે. ઋષભ પંતને ફરી વન-ડે ટીમમાં સ્થાન મળ્યું નથી

ઈસ્લામાબાદ

વેસ્ટઈન્ડીઝ સામે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં રમાનારી વન-ડે અને T20 સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દેવામાં આવી છે. અજિત અગરકરની આગેવાની હેઠળની સિલેક્શન કમિટીએ બુધવારે (16 સપ્ટેમ્બર) બંને ફોર્મેટ માટે ટીમ જાહેર કરી છે. વન-ડે સીરિઝનું શેડ્યૂલ એશિયન ગેમ્સ 2026 સાથે ટકરાઈ રહ્યું છે. એવામાં સિલેક્ટર્સે ઘણા ફેરફારો કરવા પડ્યા છે. વન-ડે સીરિઝ માટે પાંચ સ્ટાર ખેલાડીઓનું કમબેક થયું છે. ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા, ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ, ઓપનર યશસ્વી જયસ્વાલ, મિડલ ઓર્ડર બેટર ઋતુરાજ ગાયકવાડ અને ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને વન-ડે સ્ક્વોડમાં સામેલ કરવામાં



આવ્યા છે. આ પાંચેય ખેલાડીઓ ઈંગ્લેન્ડ સામેની તાજેતરની વનડે સિરિઝમાં નહોતા રમ્યા. ફાસ્ટ બોલર આકિબ નબી વિકેટકીપર ધ્રુવ જુરેલ અને મિડલ ઓર્ડર બેટર નમન ધીરને પણ ભારતીય વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. આકિબ નબી, ધ્રુવ જુરેલ અને નમન ધીર આ સીરિઝમાં ભારત માટે વન-ડે ડેબ્યૂ કરી શકે છે. એશિયન કમ્યુનિટીમાં જોડાઓ. ધ્રુવ જુરેલને વિકેટકીપરના બીજા વિકલ્પ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. જુરેલને રિષભ પંત કરતાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પંતને આ વર્ષે ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરિઝ માટે ટીમમાં સ્થાન મળ્યું હતું.

જોકે ઈજાના કારણે તે તે સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો. ત્યારબાદ તેની વન-ડે ટીમમાં વાપસી નથી થઈ શકી. જોકે પંતને આવતા મહિને રમાનારી ઈરાની કપ માટે રેસ્ટ ઓફ ઈન્ડિયાનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. બીજી તરફ રવીન્દ્ર જાડેજાના આવવાથી ટીમને બેટિંગની સાથે ડાબા હાથની સ્પિન બોલિંગનો વિકલ્પ પણ મળશે. સ્પિન વિભાગમાં જાડેજા ઉપરાંત કુલદીપ યાદવ પણ છે. ફાસ્ટ બોલિંગમાં મોહમ્મદ સિરાજ ઉપરાંત પ્રસિદ્ધ ક્રિષ્ના અને ગુરનૂર બરાર પર સૌની નજર રહેશે. તો બીજી તરફ પહેલીવાર પસંદ કરાયેલા આકિબ નબી પણ શાનદાર પ્રદર્શન કરવા ઈચ્છશે. વનડે ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી બંનેને યથાવત રાખવામાં આવ્યા છે. રોહિતે ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સમાં રમાયેલી ત્રીજી વનડેમાં શાનદાર સદી ફટકારી હતી. સિલેક્ટર્સે તેની સાથે યશસ્વી જયસ્વાલને રિઝર્વ ઓપનર તરીકે પસંદ કર્યો છે. શુભમન ગિલ વન-ડે ટીમની કેપ્ટન્સી કરશે, જ્યારે કે.એલ. રાહુલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. શ્રેયસ અય્યરની ગેરહાજરીમાં ઋતુરાજ ગાયકવાડને નંબર-4ની ભૂમિકા માટે જોવામાં આવી રહ્યો છે.



### ગયા મહિને નોએલ ટાટા સાથે મતભેદોને કારણે રાજીનામું આપ્યું હતું

## ચંદ્રશેખરન વધુ 5 વર્ષ ટાટા સન્સના ચેરમેન રહેશે

મુંબઈ

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરનનો કાર્યકાળ 2032 સુધી લંબાવવામાં આવ્યો છે. ટાટા સન્સ લિમિટેડના બોર્ડે ગુરુવારે 5 વર્ષનો નવો કાર્યકાળ આપવાની મંજૂરી આપી.

હાલમાં ચંદ્રશેખરનનો બીજો કાર્યકાળ ચાલી રહ્યો છે અને તેઓ ફેબ્રુઆરી 2027માં નિવૃત્ત થવાના હતા. ચંદ્રશેખરે 12 ઓગસ્ટ 2026ના રોજ રાજીનામું આપી દીધું હતું. તે સમયે નોએલ ટાટા સાથેના મતભેદો અને ટ્રસ્ટમાં ચાલી રહેલી ખેંચતાણ તેનું કારણ બન્યા હતા. ટાટા ગ્રુપમાં પહેલી વાર એવું બન્યું છે કે કોઈ ગ્રુપ એક્ઝિક્યુટિવ નિર્ધારિત નિવૃત્તિ વયથી આગળ પોતાના પદ પર કાયમ રહેશે. ટાટા ગ્રુપની નીતિ



મુજબ એક્ઝિક્યુટિવે સામાન્ય રીતે 65 વર્ષની ઉંમરે નિવૃત્ત થઈ જવું જોઈએ. જોકે, નોન-એક્ઝિક્યુટિવ ભૂમિકામાં તેઓ 70 વર્ષની ઉંમર સુધી રહી શકે છે. ચંદ્રશેખરન હાલમાં 63 વર્ષના છે. બીજા કાર્યકાળના અંતે ફેબ્રુઆરી 2027માં તેઓ બરાબર 65 વર્ષના થઈ જશે. હવે તેઓ 2032માં 70 વર્ષની ઉંમરે નિવૃત્ત થશે. ચંદ્રશેખરન પહેલીવાર ઓક્ટોબર 2016માં ટાટા સન્સના બોર્ડમાં જોડાયા હતા, અને ચાર મહિના બાદ જાન્યુઆરી 2017માં તેમને ચેરમેન બનાવવામાં આવ્યા હતા. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત 1987માં TCSમાં ઈન્ટર્ન તરીકે કરી હતી. 2017માં ચંદ્રશેખરને કમાન સંભાળ્યા બાદ ટાટા ગ્રુપનો વ્યાપ ઘણો વધ્યો છે. ચંદ્રશેખરને ગ્રુપને એવિએશન, સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ, બેટરી અને ડિજિટલ બિઝનેસ જેવા નવા ક્ષેત્રોમાં એન્ટ્રી કરાવી. ટાટા ગ્રુપ: ટાટા નામથી ચાલતી અલગ-અલગ કંપનીઓ અને વ્યવસાયોને મળીને ટાટા ગ્રુપ બને છે. જેમ કે- ટીસીએસ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાટા પાવર અને એર ઈન્ડિયા.

ટાટા સન્સ: ટાટા સન્સ, ટાટા ગ્રુપની મુખ્ય કંપની છે. તે ગ્રુપની મોટી કંપનીઓમાં હિસ્સો ધરાવે છે અને મોટા નિર્ણયો લેવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### ડીઝલ પર ₹5 અને પેટ્રોલ પર ₹1 ટેક્સ ઘટ્યો

## સરકારે ફ્યુઅલ એક્સપોર્ટ ડ્યુટીમાં ઘટાડો કર્યો: તેલ કંપનીઓની બલ્લે-બલ્લે

મુંબઈ

સરકારે દેશની બહાર મોકલવામાં આવતા પેટ્રોલ, ડીઝલ અને જેટ ઈંધણ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો છે. નવા દર 16 સપ્ટેમ્બર 2026થી લાગુ થઈ ગયા છે, જેનાથી ભારતીય રિફાઈનરી કંપનીઓનો ખર્ચ ઘટશે અને તેમને વિદેશી બજારમાં તેલ વેચવા પર સીધો ફાયદો મળશે. આ ઘટાડો 16 સપ્ટેમ્બર 2026થી લાગુ થઈ ચૂક્યો છે. સરકાર દર 15 દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે. આ પહેલા 1 સપ્ટેમ્બરે ટેક્સ વધારવામાં આવ્યો હતો, પરંતુ હવે ગ્લોબલ ક્રૂડ માર્કેટમાં કિંમતો સામાન્ય થવાને કારણે સરકારે આ વધારાને પાછો ખેંચી લીધો છે. નાણા મંત્રાલય અનુસાર: ડીઝલ પર નિકાસ ડ્યુટી 25 પ્રતિ લિટરથી ઘટાડીને 20 પ્રતિ લિટર



કરવામાં આવી છે.

હવાઈ ઈંધણ પરનો ટેક્સ 19 પ્રતિ લિટરથી ઘટાડીને 15 પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.

પેટ્રોલ પર નિકાસ ડ્યુટી 1.5 પ્રતિ લિટરથી ઘટાડીને 0.5 પ્રતિ લિટર કરવામાં આવી છે.

એટલે કે, ડીઝલ પર 5, હવાઈ ઈંધણ પર 4 અને પેટ્રોલ પર 1 ડ્યુટી ઘટી છે. વિન્ડફોલ ટેક્સ ઓછો થવાથી રિલાયન્સ અને નાયરા એનર્જી જેવી ખાનગી તેમજ સરકારી તેલ કંપનીઓનું માર્જિન સુધરશે. જ્યારે રિફાઈનિંગ માર્જિન ઓછું હોય છે, ત્યારે ટેક્સ ઘટાડવાથી રિફાઈનરીઓ પર નાણાકીય દબાણ ઓછું થાય છે અને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સપ્લાયમાં સંતુલન જળવાઈ રહે છે. વિન્ડફોલ ટેક્સ સૌપ્રથમ 1 જુલાઈ 2022ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો. તેને 2 ડિસેમ્બર 2024ના રોજ સમાપ્ત કરવામાં આવ્યો હતો. પરંતુ પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ અને વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સ્થાનિક બજારમાં ઈંધણની અછત ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, સરકારે ફરીથી 27 માર્ચ 2026ના રોજ આ નિકાસ ડ્યુટી લાગુ કરી.

### SBI પેન્શન ફંડ્સે સમગ્ર ગુજરાતમાં NPSનો વ્યાપ વધારવા માટેની કામગીરી વધુ મજબૂત બનાવી

## 'દરેક પેઢીને આવતીકાલ માટે આયોજન કરવા સક્ષમ બનાવવી'

### રાજ્યના કુલ વર્કફોર્સમાંથી આશરે 90 ટકા લોકો અસંગઠિત ક્ષેત્રમાં હોવાનો અંદાજ છે. તેથી સમગ્ર રાજ્યમાં સુવ્યવસ્થિત નિવૃત્તિ યોજનાઓ સુધી લોકોની પહોંચ વધારવાની હજુ મોટી તક છે.

નવી દિલ્હી

નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) હેઠળ દેશની સૌથી મોટી પેન્શન ફંડ મેનેજર કંપની SBI પેન્શન ફંડ્સ પ્રાઈવેટ લિમિટેડે નિવૃત્તિ આયોજનના વધતા મહત્વ અને એનપીએસ વ્યવસ્થામાં તાજેતરમાં થયેલા ફેરફારો પર ભાર મૂક્યો છે. આ સાથે કંપનીએ સમગ્ર ગુજરાતમાં લોકો સુધી પહોંચવાની પોતાની કામગીરી પણ વધુ મજબૂત બનાવી છે. ગુજરાતમાં કામકાજ કરતા લોકોની સંખ્યા સતત વધી રહી છે. આ ઉપરાંત સ્વરોજગાર અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લોકોનો વ્યાપ પણ વધી રહ્યો છે, જેના કારણે રાજ્યમાં વધુ લોકોને પેન્શનની સુવિધા સાથે જોડવાની મોટી સંભાવના છે. નાણાંકીય વર્ષ 2024-25 સુધીમાં ગુજરાતમાં તમામ નાગરિકો માટે એનપીએસ




હેઠળ કુલ આશરે 3.08 લાખ નોંધણીઓ થઈ છે. આ વર્ષ દરમિયાન 49,895 નવી નોંધણીઓ થઈ હતી, જેમાં 11,064 નોંધણીઓ મહિલાઓની હતી. રાજ્યના કુલ વર્કફોર્સમાંથી આશરે 90 ટકા લોકો અસંગઠિત ક્ષેત્રમાં હોવાનો અંદાજ છે. તેથી સમગ્ર રાજ્યમાં સુવ્યવસ્થિત નિવૃત્તિ યોજનાઓ સુધી લોકોની પહોંચ વધારવાની હજુ મોટી તક છે. ગુજરાતના આશરે 90% કાર્યબળને હજુ સુધી ઔપચારિક પેન્શન કવરેજ પ્રાપ્ત થયું નથી, જે રાજ્યભરમાં સુવ્યવસ્થિત નિવૃત્તિ ઉકેલો સુધી પહોંચ વિસ્તારવાની નોંધપાત્ર સંભાવના દર્શાવે છે. એસબીઆઈ પેન્શન ફંડ્સ રિટેલ અને કોર્પોરેટ બંને ક્ષેત્રોમાં એનપીએસનો સ્વીકાર વધારવા પર સતત ધ્યાન આપી રહી છે. કંપની પોતાની આગામી વેબ એપ્લિકેશન 'સુગમ એનપીએસ' દ્વારા ડિજિટલ સુવિધાઓને વધુ મજબૂત બનાવી રહી છે. આ ઉપરાંત લોકોમાં નાણાંકીય સમજણ વધારવા અને ભવિષ્ય માટે વધુ સારી રીતે તૈયાર થવા માટે પણ પ્રોત્સાહિત કરી રહી છે. કંપની શિસ્તબદ્ધ અને લાંબા ગાળાની રોકાણ વ્યૂહરચના અપનાવે છે. તેમાં વિવિધ પ્રકારના ઈક્વિટી રોકાણ દ્વારા વૃદ્ધિની સંભાવના જાળવવા, સ્થિર ફિક્સ્ડ ઈન્કમ વ્યૂહરચના દ્વારા મૂડીનું રક્ષણ કરવા અને પસંદગીના નવા એસેટ ક્લાસનો સમાવેશ કરીને રોકાણમાં સંતુલન જાળવવામાં આવે છે. મલ્ટીપલ સ્કીમ ફ્રેમવર્ક હેઠળ કંપનીએ વધુ જોખમ લેવાની ક્ષમતા ધરાવતા લોકો માટે 'એસબીઆઈ પીએફ એનપીએસ જીવન સ્વર્ણા રિટાયરમેન્ટ યોજના' શરૂ કરી છે.

## સોનું ₹1036 ઘટીને ₹1.51 લાખ પર આવ્યું

- **ચાંદીની કિંમત ₹2,862 ઘટીને 2.28 લાખ, આ મહિને ચાંદી ₹9 હજાર અને સોનું ₹5 હજાર સસ્તું થયું**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 17 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,129 રૂપિયા ઘટીને 1.51 લાખ રૂપિયા પર આવી ગયો છે. એક કિલો ચાંદીની કિંમત 2,862 રૂપિયા ઘટીને 2.28 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ મહિને ચાંદી લગભગ 9 હજાર અને સોનું 5 હજાર સસ્તું થયું છે. 31 ઓગસ્ટે સોનાનો ભાવ લગભગ 1.56 લાખ રૂપિયા અને ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયા હતી. અમેરિકાની સેન્ટ્રલ બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલીવાર વ્યાજ દરો વધાર્યા છે. જેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. જોકે, ભૌગોલિક-રાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે, જેનાથી રોકાણકારો તેને સુરક્ષિત રોકાણ તરીકે ફરીથી પસંદ કરી શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો દેખાઈ રહ્યા છે, પરંતુ કોઈપણ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ બની શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 18 હજાર રૂપિયા મોંઘું થઈ ગયું છે.

# વડનગરથી વારાણસી સુધીની બાઇક યાત્રા, શર્મિષ્ઠા તળાવની મહાઆરતી!!

## મોદી ફેમિલિ GMERS સેવા કેમ્પમાં હાજર, અમિત શાહે કહ્યું-25 વર્ષમાં તેના પરિવારજનના 5 નામ કોઇ બોલી શકતું નથી



અમદાવાદ

પીએમ મોદીના 76માં જન્મદિવસ નિમિત્તે તેમના વતન વડનગરમાં આજથી બે દિવસીય જન્મોત્સવની ભવ્ય ઉજવણી થઈ રહી છે. મોદીની 25 વર્ષની સેવા અને સમર્પણ યાત્રાની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ચાર અલગ-અલગ પવિત્ર સ્થળેથી બાઈક યાત્રાઓ બુધવારે વડનગર પહોંચી હતી. યાત્રાના માર્ગમાં આવતી પવિત્ર નદીઓનું જળ કળશમાં એકત્ર કરી ચારેય યાત્રાઓ વડનગર પહોંચ્યા બાદ હાટકેશ્વર મહાદેવ મંદિરે ભગવાન હાટકેશ્વર મહાદેવનો જળાભિષેક કર્યો હતો. જળાભિષેક બાદ શર્મિષ્ઠા તળાવ ખાતે અમિત શાહ અને મુખ્યમંત્રીએ મહાઆરતી બાદ પદયાત્રા યોજાઈ હતી. હાટકેશ્વર મંદિર પહોંચ્યા બાદ અમિત શાહે વડનગરથી વારાણસી સુધીની બાઈક સેવા યાત્રાને લીલીઝંડી આપી હતી.

વડાપ્રધાનના જન્મદિવસ 17 સપ્ટેમ્બરે સાંજે 7થી 8 વાગ્યા દરમિયાન નાગરિકોને પોતાના ઘરે 'એક દીવડો' પ્રગટાવી વડાપ્રધાન પ્રત્યે પ્રેમ, સન્માન અને શુભેચ્છા વ્યક્ત કરવા અપીલ કરાઈ છે. ઉપરાંત રક્તદાનકેમ્પ સહિતના સેવા કાર્યક્રમો પણ યોજાયા છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ સામેલ થયા હતા.

### શર્મિષ્ઠા તળાવ સાથેની અનેક વાતો

- નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇની પુત્રી શર્મિષ્ઠાને વડનગરના જટપટ મહેતા સાથે પરણાવી હતી. જેમને શર્મિષ્ઠા નામની પુત્રી અવતરી હતી. આ ગાળા દરમિયાન વડનગરમાં દુષ્કાળ પડ્યો ત્યારે અહીંના રાજાને વિનંતી કરી એટલે તળાવનું બાંધકામ કરાયું હતું. તેના પરથી નામ શર્મિષ્ઠા પડયું.
- રાજાને ત્યાં એક પુત્રી જન્મી હતી. જ્યોતિષોએ ભાખ્યું હતું કે આ વિષકન્યા છે. જેના કારણે તમારું રાજ્ય જતું રહેશે. આથી તેને ત્યજી દેવી પડશે પણ રાજાએ વાત કાને ન ધરી. છેવટે વડનગર પર આક્રમણ થયું અને રાજાને રાજપાઠ ગુમાવવું પડ્યું. ત્યારે દીકરીને કાઢી મૂકી હતી ત્યારે તે વડનગર પ્રદેશમાં આવી ગઇ અને અહીં ઝૂંપડી બાંધી રહી પ્રભુની આરાધના કરવા લાગી. આ સમયે વડનગરમાં દુષ્કાળ પડ્યો. આ વિષ કન્યાએ રાજાને વિનંતી કરતાં તળાવ બંધાયું હતું. એ કન્યાનું નામ હતું શર્મિષ્ઠા. એટલે નામ પડ્યું શર્મિષ્ઠા તળાવ.
- વડાપ્રધાન મોદી સાથે પણ આ તળાવનો નાતો છે. તેઓ નાના હતા ત્યારે આ તળાવમાંથી મગરનું બચ્ચુ પકડી ઘરે લઇ ગયા હતા. જેથી માતાએ ટકોર કરતાં પાછું મૂકી આવ્યાં હતાં.

### 6 દાયકાથી વધુ સમય સુધી ચા ઉધોગ પર એકચક્રી શાસન કરનાર

## પીયૂષભાઈએ અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ!!



અમદાવાદ

ભારતીય ચા ઉદ્યોગને નવી ઊંચાઈઓ પર પહોંચાડનાર અને 'વાઘ બકરી' બ્રાન્ડને ઘર-ઘર સુધી પહોંચાડનારા દિગ્ગજ ઉદ્યોગપતિ તથા વાઘ બકરી ટી ગ્રુપના ચેરમેન પીયૂષ દેસાઈનું મંગળવારે મોડી રાત્રે હૃદયરોગના હુમલા (Cardiac Arrest) ને કારણે 87 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનથી માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશના વ્યાપારિક જગત અને ચા ઉદ્યોગે એક મહાન માર્ગદર્શક અને ક્રાંતિકારી નેતા ગુમાવ્યા છે. મળતી વિગતવાર માહિતી અનુસાર, પીયૂષભાઈ દેસાઈ છેલ્લા કેટલાક સમયથી ઉંમર સંબંધિત અને અન્ય નાદુરસ્ત તબિયતની સમસ્યાઓથી પીડાતા હતા. તબિયત લથડતાં તેમને શહેરની અદ્યતન ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની ટીમ દ્વારા તેમની સારવાર ચાલી રહી હતી. મંગળવારે મોડી રાત્રે તેમને તીવ્ર હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેમાં સારવાર કારગત ન નીવડતાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. બુધવારે સાંજે 4 વાગ્યાની આસપાસ શાસ્ત્રોક્ત વિધિ સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમની અંતિમયાત્રામાં રાજકીય અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, વ્યાપારી સંગઠનોના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સ્નેહીજનોએ હાજરી આપીને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પીયૂષ દેસાઈએ ચા ઉદ્યોગમાં છ દાયકા (60 વર્ષ) થી પણ વધુ સમય વિતાવ્યો હતો. તેમની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેઓ ચાના સ્વાદનું પરીક્ષણ કરવાના (Tea Testing) અને તેની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં નિષ્ણાત હતા. તેઓ માત્ર ચાની એક ઘૂંટડો (ચુસકી) લઈને જ ચાની પત્તી કયા બગીચાની છે, તેનો ભેજ કેટલો છે અને તેનો સ્વાદ ગ્રાહકોને પસંદ આવશે કે નહીં તે ચોક્કસપણે જણાવી દેતા હતા.

### જીમ લોન્જની મેમ્બરશિપના નામે મસમોટું કૌભાંડ

## 10,000માં 10 વર્ષની ઓફર આપી 2500થી વધુ લોકોને શિકાર બનાવ્યા!

અમદાવાદ

ફિટનેસના નામે અને સસ્તા ભાવે લાંબા ગાળાની મેમ્બરશિપ મેળવવાની લાલચમાં અમદાવાદના હજારો નાગરિકો ચૂનો ધોળાઈ ગયાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે! જાણીતી 'જીમ લોન્જ' (Gym Lounge) ના કર્મચારીઓએ જ પોતાની જ કંપની સાથે ગદ્દારી કરીને, બારોબાર બોગસ એગ્રીમેન્ટ અને ભળતા બેંક ખાતા ખોલાવી રૂ. ૧.૬૬ કરોડથી વધુ રકમનું મસમોટું ફ્રોડ આચર્યું છે. આ હાઈટેક અને શાતિર કૌભાંડનો પર્દાફાશ થતાં જ અમદાવાદના ફિટનેસ વર્લ્ડ અને વેપારી આલમમાં ભારે સન્નાટો મચી ગયો છે. કૌભાંડી કર્મચારીઓએ અમદાવાદના નાગરિકોને જાળમાં ફસાવવા માટે એક ખતરનાક અને લલચામણી ઓફર તૈયાર કરી હતી. તેમણે લોકોને એવું કહીને ભોળવ્યા કે માત્ર ૧૦,૦૦૦માં ૧૦ વર્ષ સુધીની જીમ મેમ્બરશિપ આપવામાં આવી રહી છે! કંપની દ્વારા જે ધમાકા ઓફર કે સ્કીમ ભૂતકાળમાં બંધ કરી દેવામાં આવી હતી, તે જ બંધ સ્કીમનો લાભ આપવાના નામે કર્મચારીઓ બારોબાર મેમ્બરશિપ વહેંચતા રહ્યા. આ સસ્તી ઓફરના ચક્કરમાં આવીને અમદાવાદના ૨૫૦૦થી પણ વધુ ઉત્સાહી લોકોએ પોતાના પરસેવાની કમાણી રોકી દીધી અને ઠગાઈનો શિકાર બન્યા. આ સમગ્ર કૌભાંડમાં જીમ લોન્જના જ પોતાના કર્મચારીઓએ મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે કંપનીના અસલી દસ્તાવેજો અને નામને વટાવીને એક ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી અપનાવી હતી: ગ્રાહકોને અસલી જેવા જ દેખાતા બોગસ અને પોકળ એગ્રીમેન્ટ બનાવીને આપી દેવામાં આવતા હતા, જેથી કોઈને શંકા ન જાય. કંપનીના ઓફિશિયલ એકાઉન્ટના બદલે કર્મચારીઓએ બેંકમાં 'જીમ લોન્જ'ને મળતું આવતું નકલી બેંક ખાતું ખોલાવી લીધું હતું. ગ્રાહકો પાસેથી યુપીઆઈ (UPI), ક્યુઆર કોડ કે ચેક મારફતે લેવાતા તમામ પૈસા સીધા આ જ કૌભાંડી ખાતામાં જમા થતા હતા.

### બે દેશી તમંચા અને કારતૂસ સાથે 'બડા બાબુ' ઝબ્બે!

## અમદાવાદમાં ગેરકાયદે હથિયારોના કાળા કારોબાર પર પોલીસની સર્જિકલ સ્ટ્રાઇક

અમદાવાદ

અમદાવાદ શહેરના કોટ વિસ્તાર અને દક્ષિણ ઝોનમાં અસામાજિક તત્વો અને ગેરકાયદે હથિયારોની હેરાફેરી કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. દાણીલીમડા પોલીસે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને મોતનો સામાન લઈને ફરતા એક શાતિર આરોપીને રંગેહાથ ઝડપી પાડીને કાયદાનું ભાન કરાવ્યું છે.

દાણીલીમડા પોલીસની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે એક શખ્સ ગેરકાયદેસર આગ્નેયાસ્ત્રો સાથે વિસ્તારમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે કેલિકો મિલ કમ્પાઉન્ડ પાસે કોર્ડન કરીને દરોડો પાડ્યો હતો. આરોપીની તલાશી લેતાં તેની પાસેથી ૨ નંગ દેશી તમંચા અને ૨ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પોલીસે હથિયારો અને કારતૂસ મળીને કુલ ૨૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની આકરી પૂછપરછમાં આરોપી સોહિલખાન ઉર્ફે બડા બાબુએ ચોંકાવનારી કબૂલાત કરી છે. તેણે જણાવ્યું કે આ દેશી તમંચા અને કારતૂસ તેણે આગળ વેચાણ કરવા માટે અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા ખ્વાજાનગરના સાદાબખાન અકીલખાન પઠાણ પાસેથી મેળવ્યા હતા! પોલીસે આ કબૂલાતના આધારે હથિયાર સપ્લાય કરનાર સાદાબખાનને પકડવા માટે ચારેય તરફ જાળ બિછાવી છે. આ હથિયારો ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને શહેરમાં કયા મોટા ગુનાને અંજામ આપવા માટે વેચવાના હતા તે અંગે તપાસ તેજ કરી દેવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો સોહિલખાન ઉર્ફે બડા બાબુ કોઈ સામાન્ય નાગરિક નથી પરંતુ પક્કો ગુનેગાર છે. તેની સામે અગાઉ નારોલ પોલીસ સ્ટેશનમાં મારામારી, શારીરિક હુમલો અને જુગારધારા હેઠળના ગંભીર કેસો નોંધાઈ ચૂક્યા છે. વટવા અને દાણીલીમડા જેવા ગીચ વિસ્તારોમાં દેશી તમંચા અને ગેરકાયદે હથિયારો ઘુસાડનાર મુખ્ય આકાઓ કોણ છે? અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા તત્વો ખુલ્લેઆમ હથિયારો લઈને ફરી રહ્યા છે, ત્યારે આખી સપ્લાય ચેઈનનો પર્દાફાશ ક્યારે થશે?

## 28 વર્ષીય રાકેશ પરમારની પાર્ટીના બહાને હત્યા, મૈત્રી કરારથી રહેતી પ્રેમિકા પણ ષડયંત્રમાં સામેલ!

અમદાવાદ

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના છોછર ગામેથી અવાવરૂ જગ્યાએથી મળી આવેલી અજાણી લાશના કેસમાં સાબરકાંઠા પોલીસે મોટો ધડાકો કરીને સન્સનીખેજ મર્ડર મિસ્ટ્રીનો પર્દાફાશ કર્યો છે. પાર્ટી કરવાના બહાને યુવકને અમદાવાદથી હિંમતનગર બોલાવીને કરપીણ હત્યા કરી પુરાવાનો નાશ કરવા લાશ ફેંકી દેવાનું ભયાનક ષડયંત્ર સામે આવ્યું છે.

પોશીના પોલીસે ટેક્નિકલ સપોર્ટ અને તપાસના આધારે મૃતકની ઓળખ અમદાવાદના ૨૮ વર્ષીય રાકેશભાઈ કાળાભાઈ પરમાર તરીકે કરી હતી. પોતાના ભાઈની અચાનક ગુમશુદગી અને હત્યાનો ભેદ ઉકેલાતાં મૃતકના ભાઈ દિનેશકુમાર પરમારે પોશીના પોલીસ સ્ટેશનમાં સત્તાવાર હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ૪ સપ્ટેમ્બરનું કાળું ષડયંત્ર: ૪ સપ્ટેમ્બરના રોજ રાકેશભાઈને પાર્ટી કરવાના બહાને હિંમતનગર તરફ લઈ જવામાં આવ્યા હતા.

## અમદાવાદમાં નશાના કાળા કારોબાર પર નારોલ પોલીસની સર્જિકલ સ્ટ્રાઇક

### સ્કોર્પિયો ગાડીમાંથી 26.15 લાખની કફ સિરપની 1,798 બોટલો જપ્ત!



અમદાવાદ

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારીને નશાના સોદાગરો પર સકંજો કસવા નારોલ પોલીસે મોટો ધડાકો કર્યો છે. મોંઘીદાટ સ્કોર્પિયો ગાડીમાં કફ સિરપના નામે નશાકારક દવાનો જથ્થો ઘુસાડવાનો મોટો કાળો કારોબાર પકડાઈ જતાં અસામાજિક તત્વોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

નારોલ પોલીસની ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે એક સ્કોર્પિયો ગાડીમાં ગેરકાયદેસર કફ સિરપનો મોટો જથ્થો શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ફિલ્ડિંગ ગોઠવીને સ્કોર્પિયો ગાડીને કોર્ડન કરી રોકી પાડી હતી.

ગાડીની તલાશી લેતાં અંદરથી નશાકારક ઘટકો ધરાવતી કફ સિરપની ૧,૭૯૮ બોટલો મળી આવી હતી.

જપ્ત કરાયેલ કફ સિરપની કિંમત તેમજ કાળા કારોબારમાં વપરાયેલી સ્કોર્પિયો ગાડી મળીને પોલીસે કુલ ૨૬.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસે ઘટનાસ્થળેથી જ બે મુખ્ય આરોપીઓની ધાકડ ધરપકડ કરી લીધી છે: ૧. નવાઝહુસેન શેખ, ૨. સરવર પઠાણ.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓ પક્કા ગુનેગારો છે અને ભૂતકાળમાં પણ અસામાજિક તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. યુવાધનને નશાના માર્ગે ધકેલીને પોતાના ખિસ્સા ભરવાનો આ નેટવર્ક કેટલા સમયથી ચાલતો હતો તેની હવે ઊંડી પૂછપરછ શરૂ કરાઈ છે.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદના શ્યામલ પાસે વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરનાર પેટ્રોલપંપ સંચાલકને નોટિસ ફટકારાઇ

અમદાવાદ શહેરને હરિયાળું બનાવવાના પ્રયાસો માટે કોર્પોરેશનના 'મિશન મિલિયન ટ્રીઝ' અભિયાનને વૈશ્વિક સ્તરે સન્માન મળ્યું છે. ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ હોર્ટીકલ્ચરલ પ્રોડ્યુસર્સ (AIPH) ના 'વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2026'માં આ પહેલને 'લિવિંગ ગ્રીન ફોર ક્લાઈમેટ ચેન્જ' કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવી છે. જો કે, એક તરફ વૃક્ષારોપણ માટે વૈશ્વિક એવોર્ડ મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ શહેરમાં જાહેરાત બોર્ડ દેખાય તે માટે ઉભા થયેલા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું હોવાની ઘટના સામે આવી છે. શહેરના શ્યામલ પાસે આવેલા એક પેટ્રોલ પંપના સંચાલક દ્વારા પોતાના જાહેરાત બોર્ડ સ્પષ્ટ રીતે દેખાય તે માટે નડતરરૂપ 5 વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરવામાં આવ્યું હોવાની સાથે વૃક્ષોની ડાળીઓ કાપી નાખી છે.

### ધોળકાના ખરાંટી ગામે તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત, ઘટનાના બીજા દિવસે મળ્યો મૃતદેહ

અમદાવાદના ધોળકા તાલુકાના ખરાંટી ગામે એક અત્યંત દુઃખદ ઘટના ઘટી છે. જેમાં ખરાંટી ગામના દેવીપૂજક વાસમાં રહેતા 32 વર્ષીય કેતનકુમાર આત્મારામભાઈ બાકરોલીયાનું તળાવના ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, ગત 15 સપ્ટેમ્બરના રોજ બપોરના ત્રણેક વાગ્યે કેતનકુમાર ગામના તળાવમાં માછલી પકડવા માટે ગયા હતા. આ દરમિયાન અચાનક પગ લપસી જતાં ઊંડા પાણીમાં તેમનો ગરકાવ થયો હતો. ધોળકા નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા બે દિવસની શોધખોળ બાદ એટલે કે 17 સપ્ટેમ્બરના રોજ સવારે 7 વાગ્યાની આસપાસ તળાવમાંથી કેતનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે મૃતકના પિતા આત્મારામભાઈ બાકરોલીયાએ પોલીસને જાણ કરી હતી. ઘટના અંગે કોઠ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### કાલુપુર સ્વામિનારાયણ મંદિર પાસે જર્જરિત મકાન ધરાશાયી, અનેક રજૂઆત છતાં તંત્રની નિષ્ક્રિયતા

અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિર પાસે દેવસાના પાડાની સામે દરિયાપુર વોર્ડમાં મકાન ધરાશાયી થવાની ઘટના ઘટી હતી. મકાન જર્જરિત હોવાને લઈને સ્થાનિક રહીશોએ મ્યુનિસિપિલ કોર્પોરેશનમાં જાણ કરી હતી. જો કે, AMCની ટીમ સ્થળ વિઝિટ કરીને મકાન ખાતે ફક્ત નોટિસ ચોટાડીને પરત ફરી હતી. જર્જરિત મકાનનો ભાગ બે વખત તૂટ્યાં બાદ ભયના માર્યા સ્થાનિકોએ તંત્રમાં લેખિત અને મૌખિકમાં રજૂઆત કરવા છતાં કોર્પોરેશને કોઈ નકર પગલાં ન લીધા હોવાના રહીશોના આક્ષેપ છે. જો કે, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.પ્રવાસ ગાઈડ વાંચો મળતી માહિતી મુજબ, શહેરના દરિયાપુર વોર્ડ ખાતે મકાન ધરાશાયી થતાં સ્થાનિકોમાં દોડધામ મચી હતી.

### ગણેશ ચતુર્થી નિમિત્તે હૈદરાબાદ-અમદાવાદ વચ્ચે સ્પેશિયલ દોડશે, મુસાફરોને મળશે રાહત

ગણેશ ચતુર્થીના પવિત્ર તહેવાર દરમિયાન મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા તેમજ મુસાફરી વધુ સુગમ બનાવવા માટે રેલવે તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાઉથ સેન્ટ્રલ રેલવે દ્વારા હૈદરાબાદ (તેલંગાણા) અને વટવા (અમદાવાદ) વચ્ચે ખાસ 'તહેવાર સ્પેશિયલ ટ્રેન' (07087/07088) દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. ટ્રેન નંબર 07087(હૈદરાબાદ - વટવા): આ સ્પેશિયલ ટ્રેન 19મી સપ્ટેમ્બરના રોજ રાત્રે 2:15 વાગ્યે હૈદરાબાદથી ઉપડશે અને બીજા દિવસે રવિવારે રાત્રે 9:50 વાગ્યે વટવા પહોંચશે. ટ્રેન નંબર 07088 (વટવા - હૈદરાબાદ): વળતી દિશામાં આ ટ્રેન 21મી સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે 3:30 વાગ્યે વટવાથી રવાના થશે અને બીજા દિવસે મંગળવારે સવારે 4:30 વાગ્યે હૈદરાબાદ પહોંચશે.

### અમદાવાદમાં ભયાનક અકસ્માત: બોલેરોએ રોડ ક્રોસ કરતા 15 વર્ષના સગીરને કચડ્યો, મોઢું છૂંદાયું

અમદાવાદના સરખેજ વિસ્તારમાં ફતેવાડીમાં રહેતો 15 વર્ષીય સગીર સરખેજ ઢાળ ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે ફૂલ સ્પીડમાં આવતી પિકઅપ વાને તેને અડફેટે લીધો હતો. આ ટક્કરને કારણે સગીર પિકઅપ વાનેની નીચે પટકાયો હતો અને તેનું મોઢું ખરાબ રીતે છૂંદાઈ જતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં લોહીલુહાણ હાલતમાં સગીર વાહનની નીચે ફસાયેલો જોવા મળે છે અને પોતાનો જીવ બચાવવા માટે તરફડિયાં મારી રહ્યો છે. બેફામ બોલેરોના ચાલકે માત્ર આ સગીરને જ નહીં, પરંતુ રસ્તા પર જઈ રહેલી એક રિક્ષા સહિત અન્ય એક વાહનને પણ ટક્કર મારી હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક દોડી આવીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત સગીરને પ્રાથમિક સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI